# ઓગસ્ટ

# ૨૦૧૯

## Most IMP Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# ઓગસ્ટ ૨૦૧૯

## (૧ જુલાઈ થી ૩૧ જુલાઈ)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**
**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**

crackgpsc.com



# Most Imp Current Affairs

## 1 જુલાઈ

- લેખક અમીશ ત્રિપાઠી લંડનના નેહરુ સેન્ટરના ડિરેક્ટર નિયુક્ત.
- એમેઝોન ઇન્ડિયાના અધ્યક્ષ અમિત અગ્રવાલ ઈન્ટરનેટ એન્ડ મોબાઇલ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IAMAI)ના નવા અધ્યક્ષ નિયુક્ત.
- RBIએ જુલાઈ-2019થી શરૂ થતા ક્વાર્ટર માટે નોન-બેન્કિંગ ફાયનાન્સ કંપનીઝ અને માઇક્રો ફાયનાન્સ ઇન્સ્ટીટ્યુટ્સ (NBFC-MFI) માટે એવરેજ બેઝ રેટ 9.18% કર્યો.
- ઇન્ટરનેશનલ સીડ ટેસ્ટીંગ એસોસિએશન (ISTA)એ હૈદરાબાદમાં પોતાની 32મી કોંગ્રેસનું આયોજન કર્યુ.
- વન્યજીવ નિષ્ણાતોએ અરુણાચલના નીચલા સુબનસિરી જિલ્લાના યાજલી પાસે કાચબાની એક નવી પ્રજાતિ (ઇમ્પ્રેસ્ડ ટોર્ટોઇસ) શોધી, જે મનોરિયા ઇમ્પ્રેસા નામથી ઓળખાય છે.
- હંગરીમાં યોજાયેલ 37મા બાલ્ટન ઇન્ટરનેશનલ ચેસ ફેસ્ટીવલમાં મૈસુરના ગિરીશ કૌશિક ભારતના 63મા ગ્રાન્ડ માસ્ટર બન્યા.
- ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવેલ પોલીસ સ્ટેશનના સર્વેમાં રાજસ્થાનના બિકાનેર જિલ્લાનું કાલુ પોલીસ સ્ટેશન સર્વશ્રેષ્ઠ પોલીસ સ્ટેશન. નિકોબાર જિલ્લામાં સ્થિત કેંપબેલ પોલીસ સ્ટેશન બીજા ક્રમે.
- ક્યૂ ડોંગ્યૂ UNના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)ના પ્રમુખ બનનાર પ્રથમ ચીની વ્યક્તિ બન્યા. FAOનું મુખ્યાલય રોમમાં છે.
- કોહલી ક્રિકેટ વર્લ્ડ કપના ઇતિહાસમાં સતત પાંચ ફિફ્ટી (અર્ધશતક) બનાવનાર પ્રથમ કેપ્ટન બન્યો. 2015માં ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથે વર્લ્ડ કપમાં સતત પાંચ અર્ધસદી ફટકારી હતી.
- મોહમ્મદ શમીએ સતત ત્રણ વર્લ્ડ કપ મેચમાં ચાર કે તેથી વધુ વિકેટ લેવાનો ભારતીય તરીકેનો નવો રેકોર્ડ બનાવ્યો.
- રોહિત શર્માએ વર્લ્ડ કપમાં ત્રીજી સેન્ચ્યુરી ફટકારીને ગાંગુલીના વિક્રમની બરાબરી કરી. આ સાથે ઇંગ્લેન્ડની ધરતી પર વન-ડેમાં સૌથી વધુ સદી બનાવનાર પ્રથમ વિદેશી ખેલાડી બની ગયો.
- વર્લ્ડ કપમાં વિકેટ લેવા બાબતે મોહમ્મદ શમી ત્રીજા ક્રમાંકનો ભારતીય. શમીએ ઓવરઓલ વર્લ્ડ કપમાં 30 વિકેટ લીધી. ઝહિર અને શ્રીનાથ 44-44 વિકેટ સાથે ટોચ પર છે.
- બેરસ્ટો અને રોયે પ્રથમ વિકેટ માટે 160 રન બનાવીને ભારત વિરુદ્ધ સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ બનાવ્યો.
- વિકેટકીપર ધોનીએ ઇંગ્લેન્ડ સામે સર્વાધિક રન નોંધાવવાનો યુવરાજસિંઘનો ભારતીય રેકોર્ડ તોડ્યો.
- ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાની મૂલાકાત લેનાર પ્રથમ અમેરિકન પ્રમુખ બન્યા.

## 2 જુલાઈ

- ભારતે પોતાના Mi-35 એટેક હેલિકોપ્ટર્સ માટે રશિયા સાથે રૂ. 200 કરોડની 'સ્ટ્રમ અટકા' એંટી-ટેંક મિસાઈલની સમજૂતી કરી. સ્ટ્રમ અટકા Mi-35 એટેક હેલિકોપ્ટર્સને દુશ્મનનાં ટેન્ક અને અન્ય આર્મર્ડ વાહનોનો નાશ કરવાની વધારાની ક્ષમતા આપશે.
- G-20 સંમેલનમાં ભારત, દક્ષિણ આફ્રિકા અને ઇન્ડોનેશિયાએ 'ડિજિટલ અર્થવ્યવસ્થા' પર 'ઓસાકા ટ્રેક'નો બહિષ્કાર કર્યો.
- સ્વિસ બેંકમાં 26% રકમ સાથે બ્રિટનના લોકોના નાણાં સૌથી વધુ. 0.07% હિસ્સા સાથે ભારત 74મા ક્રમે. બીજા સ્થાને અમેરિકા અને ત્રીજા સ્થાને વેસ્ટ ઇન્ડીઝ.

crackgpsc.com

- રાજકોટમાં 200 કરોડના ખર્ચે 11 માળની ચાઈલ્ડ એન્ડ મધર કેર હોસ્પિટલનું નિર્માણ કરાશે.
- ભારતમાં કોરિયન એમ્બેસેડર બોંગ-કિલ શિને 'જયપુર ફ્રુટ કોરિયા' લોન્ચ કર્યું. આ પહેલ અંતર્ગત મેડ-ટેક ક્ષેત્રે રિસર્ચ અને વિકાસ સહયોગને પ્રોત્સાહન આપવા માટે કોરિયા નાણાકીય અને ટેકનિકલ સહાય આપશે.
- ધ ટ્રિબ્યૂનની રચના ખેરાએ 'જર્નાલિસ્ટ ઓફ ધ યર'નો પ્રતિષ્ઠિત રેડઇન્ક એવોર્ડ જીત્યો.
- પ્રિયા સેરાવે મિસ યુનિવર્સ ઓસ્ટ્રેલિયા-2019નો ખિતાબ જીત્યો. જે આ વર્ષની મિસ યુનિવર્સ સ્પર્ધામાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરશે.
- દિલ્હી સરકારે સરકારી શાળાઓમાં 9 અને 12 ધોરણના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ફરજીયાત એન્ટરપ્રેન્યુઅરશિપના પાઠ સામેલ કર્યા.
- વીર ચોટાનીએ ચીન સ્થિત મકાઉમાં યોજાયેલ એશિયન જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં અંડર-19નો ખિતાબ જીત્યો. આ જીતથી વીર રવી દીક્ષિત અને વેલા સેંથીલકુમાર બાદ એશિયન ટ્રોફી જીતનાર ત્રીજો ભારતીય બની ગયો. આ ટૂર્નામેન્ટમાં ભારતે એક સુવર્ણ, ત્રણ રજત અને અનેક કાંસ્ય જીત્યા.
- એન. એસ. વિશ્વનાથન સતત બીજી વખત RBIના ડેપ્યુટી ગવર્નર નિયુક્ત.
- ભારતના પૂર્વ લેગ સ્પિનર રાકેશ શુક્લાનું નિધન.

### 3 જુલાઈ

- સરકારે જુલાઈથી સપ્ટેમ્બર માટે નાની બચત યોજનાઓના વ્યાજદરોમાં 0.01%નો ઘટાડો કર્યો.
- 15 વર્ષીય કોરી ગોફ ઓલ ઇંગ્લેન્ડના કોર્ટ 1માં પ્રીમિયર ટૂર્નામેન્ટ જીતીને 1991 બાદ વિમ્બલડનમાં મહિલા એકલના પ્રથમ રાઉન્ડમાં જીત નોંધાવનાર સૌથી નાની વયની ખેલાડી બની.
- મેક્સ વેરસ્ટાપેને બીજા વર્ષે પણ ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રિક્સનો ખિતાબ જીત્યો.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવ શ્રી રબિન્દ્ર પંવારને કાપડ મંત્રાલયના સચિવ તરીકેનો વધારાનો પદભાર આપવામાં આવ્યો.
- ભારતીય મુક્કેબાજ વૈભવ યાદવ વર્લ્ડ બોક્સિંગ કાઉન્સિલ (WBC) એશિયા સિલ્વર વેલ્ટરવેટ ચેમ્પિયન બન્યા.
- ઇન્ટરનેશનલ સિક્યુરિટી એલાયન્સની 50 લૉ એન્ફોર્સમેન્ટ એજન્સીઝના પ્રતિનિધિઓએ અબુધાબીમાં યોજાયેલ પ્રથમ સંયુક્ત સુરક્ષા અભ્યાસ ISALEX19માં ભાગ લીધો.
- ઓરિસ્સા સ્થિત નવરત્ન કંપની નાલ્કો (NALCO)એ સામાજિક વિકાસમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડના ઉપયોગ બદલ રાષ્ટ્રપતિ પુરસ્કાર જીત્યો. નાલ્કોએ શિક્ષણ માટે ગરીબ અને પ્રતિભાશાળી કન્યાઓને અપનાવવા અને પ્રોત્સાહન આપવા માટે 2015માં એક યોજના 'અલિયાલી ઝિયા' શરૂ કરી.
- કૃષ્ણાસ્વામી નટરાજન કોસ્ટ ગાર્ડના 23મા ચીફ બન્યા.
- ITBP દેહરાદુન ફ્રંટિયર DIG અપર્ણા કુમાર '7 સમિટ્સ ચેલેન્જ'ને પૂર્ણ કરવાની દુલર્ભ સિદ્ધિ મેળવનાર પ્રથમ સિવિલ સેવક તથા IPS અધિકારી બન્યાં. તેમણે અમેરિકાના અલાસ્કામાં માઉન્ટ દેનાલી પર ભારતનો તિરંગો લહેરાવ્યો. તેઓ દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ મહિલા IPS અધિકારી પણ છે.
- રેલ મંત્રાલયે નવું ઓલ ઇન્ડિયા રેલવે ટાઇમ ટેબલ 'ટ્રેન એટ અ ગ્લાન્સ' બહાર પાડ્યું.
- રોહિત શર્માએ બાંગ્લાદેશ સામે વર્લ્ડ કપ-2019માં પોતાની ચોથી સદી ફટકારીને કુમાર સંગાકારાના રેકોર્ડની બરાબરી કરી. વર્લ્ડ કપમાં 500 રન કરનાર સચિન તેંદુલકર બાદ બીજો ભારતીય.
- રોહિત શર્મા અને કે. એલ. રાહુલે ICC વર્લ્ડ કપમાં ભારત માટે પ્રથમ વિકેટની ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો.

### 4 જુલાઈ

- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)એ દેશમાં રિસર્ચ કલ્ચરને પ્રોત્સાહન આપવા માટે 'સ્કીમ ફોર ટ્રાન્સ-ડિસીપ્લીનરી રિસર્ચ ફોર ઇન્ડિયાઝ ડેવલપિંગ ઇકોનોમી (STRIDE)' નામની એક પહેલ શરૂ કરી.

crackgpsc.com

- સંયુક્ત રાજ્ય અમેરિકન સેનેટે રક્ષા સહયોગ વધારવા માટે ભારતને અમેરિકાના નાટો સહયોગીઓ જેવો દરજ્જો આપવા માટે લેજિસ્લેટીવ પ્રોવિઝન પસાર કર્યુ.
- દુનિયાના પ્રથમ આંશિક રૂપે બેટરીથી સંચાલિત ક્રુઝ શિપ 'રુઆલ આમુન્સન'એ ઉત્તર નોર્વેથી પોતાની યાત્રા શરૂ કરી.
- અમેરિકાએ બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA)ને આતંકવાદી સંગઠન ઘોષિત કર્યુ. BLA એક સશસ્ત્ર અલગાવવાદી સમૂહ છે જે પાકિસ્તાન ના જાતીય બલુચ વિસ્તારોમાં સૂરક્ષાબળો તથા નાગરિકોને નિશાન બનાવે છે.
- ચાર્લ્સ મિશેલ યુરોપીયન પરિષદનાં અધ્યક્ષ ચૂંટાયાં.
- અમેરિકન અર્થશાસ્ત્રી ડેવિડ લિપ્ટન ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ(IMF) ઇન્ટરિમ લીડર નિયુક્ત.
- UIDAIએ દિલ્હી અને વિજયવાડામાં પ્રથમ 'આધાર સેવા કેન્દ્ર'નું સંચાલન કર્યુ. આ વર્ષના અંત સુધી આવાં 114 કેન્દ્રો સ્થાપિત કરવાની મહત્વાકાંક્ષી યોજના છે.
- અવિષ્કા ફર્નાન્ડો વર્લ્ડ કપમાં સદી ફટકારનાર ત્રીજો સૌથી યુવા (21 વર્ષ 27 દિવસ) ખેલાડી. આયર્લેન્ડનો પોલ સ્ટર્લિંગ (20 વર્ષ 196 દિવસ) પ્રથમ ક્રમે છે.
- હોલ્ડર કેપ્ટન તરીકે 100 વિકેટ લેનાર વિન્ડીઝનો પ્રથમ ખેલાડી.
- બિડલા ગૃપના સંરક્ષક અને ભારતીય ઉધોગના પ્રમુખ બસંત કુમાર બિડલાનું નિધન.
- ભારતીય બેટ્સમેન અંબાતી રાયડૂએ ક્રિકેટના દરેક પ્રારૂપમાંથી સન્યાસ લીધો.

**5 જુલાઇ**

- મિસરના 4000 વર્ષ પ્રાચીન લાહુન પિરામીડને પ્રથમ વખત જનતા માટે ખુલ્લો મુકાયો.
- સ્પાઇસજેટના ચેરમેન તથા MD અજય સિંહ ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) બોર્ડ માટે ચૂંટાયા. સ્પાઈસજેટ IATAની સદસ્યતા મેળવનાર પ્રથમ ભારતીય લો કોસ્ટ કેરિયર બની.
- તેલંગાના સ્ટેટ સીડ એન્ડ ઓર્ગેનિક સર્ટીફીકેશન ઓથોરીટી (TSSOCA)ના નિદેશક કે. કેશવુલુને ઇન્ટરનેશનલ સીડ ટેસ્ટિંગ એસોસિએશન (ISTA)ના ઉપાધ્યક્ષ ચૂંટાયા. તેઓ ISTAના પ્રમુખ કાર્યકારી પદે નિયુક્ત થનાર માત્ર પ્રથમ ભારતીય જ નહિ, પ્રથમ એશિયન પણ બન્યા.
- દુનિયાની ટોચની 150 સર્વશ્રેષ્ઠ યંગ યુનિવર્સિટીમાં ભારતની ત્રણ યુનિવર્સિટી સામેલ. IIT-ગુવાહાટીને ટોચની 70-80 યુનિવર્સિટીની કેટેગરીમાં જ્યારે અન્ના યુનિવર્સિટી અને હરિયાણાની જિંદલ ગ્લોબલ યુનિવર્સિટીને 101-150ની કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યુ.
- અમેરિકામાં ગર્લબોસની CEO અને નેસ્ટી ગોલની સ્થાપક સોફિયા અમોરસોએ મહિલાઓ માટે નવું લિન્ક્ડ ઇન પ્લેટફોર્મ લોન્ચ કર્યુ. આ પ્લેટફોર્મ એ મહિલાઓને જોડવાનું કામ કરશે જે નવી સિદ્ધિ મેળવવા માંગે છે.
- 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ જુલાઈમાં કટક (ઓરિસ્સા)માં યોજાશે.
- હરિત જમ્મુ-કાશ્મીર અભિયાન અંતર્ગત 2020 સુધી જમ્મુ-કાશ્મીરમાં 50 લાખ વૃક્ષો રોપવામાં આવશે.
- દરિયાઇ માર્ગથી યાત્રીઓ અને માલની હેરફેર સેવાઓની સ્થાપના માટે ભારત અને માલદીવ વચ્ચે સમજૂતી.
- ભારત અને મોરોક્કા વચ્ચે બંને દેશોની ન્યાયપાલિકાઓ વચ્ચે પરસ્પર સહયોગને વિકસિત કરવા, તેને પ્રોત્સાહિત કરવા અને મજબૂત કરવા માટે MoU.
- રાહુલ ગાંધીએ સત્તાવાર રીતે કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપ્યું.
- ભારતીય સ્પ્રિન્ટર હિમા દાસે પોલેન્ડમાં પોઝ્નાન એથલેટિક્સ ગ્રાં પ્રિમાં મહિલાઓની 200 મીટર દોડમાં સુવર્ણ જીત્યો.
- ભારતની ઈલાવેનિલ વલારિવને 30મી વર્લ્ડ યુનિવર્સિટી સમર ગેમ્સમાં 10 મીટર એર રાઈફલમાં 630.8 સ્કોર કરીને સિલ્વર જીત્યો.

www.crackgpsc.com

**6 જુલાઈ**

- યુનેસ્કો અને ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સીઝના એક રિપોર્ટ અનુસાર ભારતમાં 5થી 19 વર્ષની વયના વિકલાંગ બાળકોમાં ચારમાંથી એક કોઇ શાળા કે શૈક્ષણિક સંસ્થામાં ભણવા ગયું નથી.
- નીતિ આયોગના 'એગ્રીકલ્ચરલ માર્કેટિંગ એન્ડ ફાર્મર ફ્રેન્ડલી રિફોર્મ્સ ઇન્ડેક્સ' (AMFFRI)માં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે.
- દુબઈ ડ્યૂટી ફ્રીએ દુબઈ એરપોર્ટ પર રિટેલ દુકાનોમાં ભારતીય રૂપિયા સ્વીકારવાની જાહેરાત કરી. જો કે છૂટા પૈસા પાછા આપવામાં આવશે તો તે દિરહામમાં પરત કરાશે. આમ ભારતીય મુદ્રા 16મી આંતરરાષ્ટ્રીય મુદ્રા તરીકે દુબઈના એરપોર્ટ પર સ્વીકારાશે.
- ઢાકામાં દુનિયાના સૌથી મોટા બર્ન એન્ડ પ્લાસ્ટિક સર્જરી ઇન્સ્ટીટયુટનું સંચાલન શરૂ. આ ઇન્સ્ટીટયુટમાં 50 ICU, 12 OT અને 500 બેડની વ્યવસ્થા છે.
- નાણા મંત્રી નિર્મલા સીતારમણે સ્ટાર્ટઅપ્સ માટે એક વિશેષ ટીવી ચેનલ સ્થાપવાની ઘોષણા કરી. જે સાહસ મૂડી રોકાણકારો સહિત તેમના વિકાસને પ્રભાવિત કરતા મુદ્દાઓ પર ચર્ચા અને મેચ-મેકિંગ માટે એક મંચ તરીકે કામ કરશે.
- યુનેસ્કોની વિશ્વ વિરાસત સમિતિએ બેબીલોન (ઈરાક)ના વિશાળ મેસોપોટેમીયા મહાનગરને વિશ્વ વિરાસત સ્થળ તરીકે નોમીનેટ કર્યું.
- કેન્દ્ર સરકારે શિક્ષણ ક્ષેત્રે વિશ્વ સ્તરીય સંસ્થા બનાવવા માટે નાણાકીય વર્ષ 2019-20 માટે 400 કરોડ રૂપિયાની ફાળવણી કરી. સરકારે 'સ્ટડી ઇન ઇન્ડિયા' કાર્યક્રમની પણ ઘોષણા કરી, જે વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં આકર્ષવા માટે ધ્યાન કેન્દ્રિત કરશે.
- સરકાર રમતને દરેક સ્તરે લોકપ્રિય બનાવવા માટે ખેલો ઇન્ડિયા હેઠળ એક રાષ્ટ્રીય ખેલ શિક્ષા બોર્ડની રચના કરશે.
- ઇન્ટરનેશનલ ડે ઓફ કો-ઓપરેટીવનેસ: UN જુલાઈ માસના પ્રથમ શનિવારે ઇન્ટરનેશનલ ડે ઓફ કો-ઓપરેટીવનેસ ઉજવે છે. આ વર્ષની થીમ-COOPS 4 DECENT WORK.
- અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના એક અભ્યાસ અનુસાર ટીવી જોતાં જોતાં આરામથી બેસી રહેવાથી હાર્ટ એટેક અને મૃત્યુનું જોખમ વધે છે.
- ISRO દ્વારા કરાયેલ રિસર્ચ અને વિકાસના લાભોનું દોહન કરવા માટે અંતરિક્ષ ડીપાર્ટમેન્ટની એક નવી વાણિજ્યિક શાખા તરીકે ન્યુ સ્પેસ ઇન્ડિયા લિ. (NSIL)ની સ્થાપના કરવામાં આવી.
- ઓરિસ્સાના જાજપુર જિલ્લામાં સ્થિત ટાટા સ્ટીલ કલિંગનગર (TSK)ને વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ના ગ્લોબલ લાઇટહાઉસ નેટવર્ક (GLN)માં સામેલ કરવામાં આવ્યું. GLN નાણાકીય અને ઓપરેશનલ ઈમ્પેક્ટને ચલાવવા માટે ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ટેકનોલોજીસને લાગુ કરવામાં અગ્રેસર નિર્માતાઓનો એક સમૂહ છે. TSK આ ગૃપ (GLN)માં સામેલ થનાર પ્રથમ અને એકમાત્ર ભારતીય મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ છે.

**7 જુલાઈ**

- RBIના પૂર્વ એક્ઝિક્યુટીવ ડિરેક્ટર એ. કે. મિશ્રા J&K બેંકના બોર્ડમાં એડીશનલ ડિરેક્ટર નિયુક્ત.
- ગુડગાંવ સ્થિત નોન-પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન જેનેસિસ ફાઉન્ડેશને CSR હેલ્થ ઈમ્પેક્ટ એવોર્ડ્સમાં નેતૃત્વ શ્રેણીમાં CSR ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર એવોર્ડ જીત્યો.
- UNESCOની વૈશ્વિક વારસાની યાદીમાં સામેલ થઇ ગુલાબી નગરી જયપુર. જયપુરના સમાવેશ બાદ UNESCOની વિશ્વ ધરોહરની યાદીમાં સામેલ થનાર ભારતના વિરાસત સ્થળોની સંખ્યા 38 થઇ ગઇ છે, જેમાં 30 સાંસ્કૃતિક સંપત્તિઓ અને સાત પ્રાકૃતિક સંપત્તિઓ અને એક મિશ્રિત સાઇટ સામેલ છે. જયપુરની સ્થાપના 1727માં સવાઈ જયસિંગ બીજા દ્વારા કરવામાં આવી હતી.
- ગુજરાત રાજ્યસભા પેટાચૂંટણી: ભાજપના એસ. જયશંકર અને જુગલજી ઠાકોરનો વિજય.

crackgpsc.com

- સરકારે નેશનલ હાઉસિંગ બેંક (NHB) પાસેથી હાઉસિંગ ફાયનાન્સ કંપનીઝ (HFC)ને નિયંત્રિત કરવાની સત્તા પાછી લઈને RBIને સોંપી.
- દિલ્હી-જયપુર અને દિલ્હી-આગ્રા હાઇવેઝ પર ઇલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન્સ સાથે ભારતનો પ્રથમ હાઈવે કોરિડોર 2020 સુધી શરૂ કરવામાં આવશે. બે રૂટ પર 18 ચાર્જિંગ સ્ટેશન સ્થપાશે.
- દક્ષિણ મધ્ય રેલવેએ આંધ્રપ્રદેશમાં ચેરલોપલ્લી અને રાપુરુ સ્ટેશન વચ્ચે સૌથી લાંબી ઇલેક્ટ્રીફાઇડ ટનલનું નિર્માણ કર્યું. આ ટનલની લંબાઇ 6.6 કિ.મી. છે.
- સુરતમાં ભારતનું પ્રથમ ડિઝાઇન ડેવલપમેન્ટ સેન્ટર 'ફેશનોવા' શરૂ કરાયું. ફેશનોવા સરકારની સ્ટાર્ટઅપ યોજનામાં નોમિનેટેડ છે.
- રિલાયન્સ જિઓએ દેશમાં પ્રથમ વખત ઈન્ટરનેટ યુઝર્સ માટે એક 'ડિજિટલ ઉડાન' નામની સાક્ષરતા પહેલ શરૂ કરી. આ પહેલ ફેસબુકના સહયોગથી શરૂ કરાઇ છે.
- નલિન શિંગલ ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિ. (BHEL)ના અધ્યક્ષ અને MD નિયુક્ત.
- US-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF)એ માસ્ટરકાર્ડના CEO અને અધ્યક્ષ અજય બંગા અને વિપ્રોના ચેરમેન અઝિમ પ્રેમજીને ગ્લોબલ એક્સેલન્સ એવોર્ડ-2019થી સન્માનિત કર્યા.

**8 જુલાઇ**

- હેનલે અને પાર્ટનર્સના હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ-2019માં ભારતીય પાસપોર્ટ 86મા સ્થાને. જાપાન અને સિંગાપુર સંયુક્ત રીતે ટોચના સ્થાને.
- બી. હરદિશ કુમાર ઇન્સ્ટીટયુટ ઓફ બેન્કિંગ પર્સનલ સિલેક્શન (IBPS)ના ડિરેક્ટર નિયુક્ત.
- નાસાએ અમેરિકન અંતરિક્ષ યાત્રીઓને ચંદ્રમાં પર લઇ જવા માટેના ઓરિયન કેપ્સ્યુલ માટે એક 'લોન્ચ-એબોર્ટ સિસ્ટમ'નું સફળ પરીક્ષણ કર્યું.
- જસપ્રીત બુમરાહ ઝડપી 100 વિકેટ લેનાર મોહમ્મદ શમી બાદ બીજો ભારતીય.
- ICCએ મહેન્દ્રસિંહ ધોનીને ભારતીય ક્રિકેટમાં પરિવર્તન લાવનાર ખેલાડી ગણાવ્યો.
- રોહિત શર્મા એક જ વર્લ્ડકપમાં 600 રન ફટકારનાર બીજો ભારતીય તથા વિશ્વનો ચોથો ખેલાડી બન્યો. સચિન તેંદુલકર આ સિદ્ધિ મેળવનાર (વર્લ્ડકપ-2003માં 673 રન) વિશ્વનો પ્રથમ ખેલાડી છે.
- રોહિત શર્મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઇતિહાસમાં એક જ સિરીઝમાં પાંચ સદી ફટકારનાર બીજો લેજન્ડરી બેટ્સમેન બની ગયો. આ પહેલાં સર વાલકોટ્ટ 1955માં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝમાં પાંચ સદી બનાવી હતી. આ ઉપરાંત રોહિત એક વર્લ્ડ કપમાં (માત્ર આઠ ઇનિંગ્સમાં) પાંચ સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો.
- અભિનેત્રી કેટરિના કેફ રિબોકની નવી બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- PM મોદીએ વારાણસીમાં સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી ઇન્ટરનેશનલ એરપોર્ટમાં પૂર્વ PM લાલ બહાદુર શાસ્ત્રીની મૂર્તિનું અનાવરણ કર્યું.
- USAએ સતત ચોથી વખત ફીફા મહિલા વર્લ્ડકપ જીતવાનો રેકોર્ડ બનાવ્યો.
- રજની સરાફ J&K બેંકના ચીફ ફાયનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત.
- હિમા દાસે પોલેન્ડમાં કુટનો એથ્લેટિક્સમ મીટમાં મહિલાઓની 200 મીટર ઇવેન્ટમાં બીજો આંતરરાષ્ટ્રીય સુવર્ણ ચંદ્રક જીત્યો.
- પોલેન્ડમાં કુટનો એથ્લેટિક્સમ મીટમાં મુહમ્મદ અનસે પુરુષોની 200 મીટર દોડમાં સુવર્ણ જીત્યો. જ્યારે એમ.પી. જાબીરે મેન્સ 400 મીટર હર્ડલ્સમાં ગોલ્ડ જીત્યો.

**9 જુલાઇ**

- ભારતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના વર્ટીકલ ડીપ ડાઇવ સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- ભારતના પારૂપલ્લી કશ્યપે બેડમિન્ટન કેનેડા ઓપનમાં મેન્સ સિંગલમાં સિલ્વર જીત્યો.







- કાર્તિક આર્યન માન્યવરના નવા બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- બ્રાઝિલે કોપા અમેરિકા-2019નો ખિતાબ જીત્યો.
- રોજર ફેડરરે મેજરમાં 350 એકલ મેચ જીતનાર પ્રથમ ખેલાડી (પુરુષ કે મહિલા) બનીને ઈતિહાસ રચ્યો.
- એપલના ચીફ ડિઝાઇન ઓફિસર જોન ઇવે પોતાની નવી ડિઝાઇન ફર્મ 'લવફ્રોમ' શરૂ કરશે. iPhone, iMac તથા iPadની ડિઝાઇનનો શ્રેય એમને જાય છે.
- મેક્સિકોની મેન્સ ફૂટબોલ ટીમે પોતાનો 8મો CONCACAF ગોલ્ડ કપ જીત્યો.
- ઈરાને યુરેનિયમ સંવર્ધન 4.5%ને પાર કરીને ડીલની મર્યાદા તોડી દીધી. 2015માં UN સિક્યુરિટી કાઉન્સિલના કાયમી સભ્ય (5P), જર્મની અને EU સાથે ઈરાનની ડીલ થઇ હતી, જે અંતર્ગત યુરેનિયમ સંવર્ધનની મર્યાદા 3.67% નક્કી થઇ હતી.
- નેધરલેન્ડના રોટરડેમમાં વિશ્વનું પ્રથમ બે માળનું તરતું ડેરીફાર્મ (ફ્લોટિંગ ડેરીફાર્મ) બનાવાયું. અહીં 35 ગાયો દરરોજ 800 લિટર દૂધ આપે છે, રોબોટ દૂધ દોહે છે.
- વિશ્વના સૌથી મોટા રિંગ માસ્ટર એટોર વેબરનું વાઘના હુમલાથી મૃત્યુ.
- UAEના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન જાયેદ અલ નાહાન ભારતની મુલાકાતે. UAE ભારતનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ અને ચોથું સૌથી મોટું એનર્જી સપ્લાયર છે.

**10 જુલાઈ**

- અમેરિકન કોંગ્રેસ દરેક દેશને અમેરિકા દ્વારા આપવામાં આવનાર ગ્રીન કાર્ડની મર્યાદા સમાપ્ત કરતા ગ્રીન કાર્ડ બિલ માટે વોટ કરશે. જે મુખ્ય રીતે ભારત જેવા દેશોના H-1B વર્ક વિઝા પર હાઇ ટેકનિક વાળા વ્યવસાયકારો માટે ફાયદારૂપ થશે.
- દક્ષિણ-પશ્ચિમ વિક્ટોરિયામાં બુડ્ઝ બિમ કલ્ચરલ લેન્ડસ્કેપ યુનેસ્કોની વિશ્વ વિરાસતની સૂચિમાં સામેલ. બુડ્ઝ બિમ યુનેસ્કોની સૂચિમાં સામેલ થનાર ઓસ્ટ્રેલિયાનું 20મું સ્થળ બન્યું. આ દુનિયાનું સૌથી જૂના જલીય કૃષિ સ્થળોમાનું એક છે.
- કેનેડાના અલબર્ટામાં ખોદકામ દરમ્યાન સાત કરોડ વર્ષ પહેલાંના રાક્ષસી આકારના દરિયાઇ જીવના અવશેષો મળી આવ્યા. જયારે પૃથ્વીના મોટાભાગના વિસ્તારમાં સમુદ્ર ફેલાયેલો હતો ત્યારે ડાયનાસોરના સમયના આ રાક્ષસી કદના સમુદ્રી જીવ અસ્તિત્વ ધરાવતા હતા.
- સ્માર્ટફોન માટે બનાવાયેલ દુનિયાનું પ્રથમ ઇન્ટરએક્ટિવ બ્રાઉઝર પોપશોટ ભારતમાં લોન્ચ.
- BSFએ પંજાબ અને જમ્મુમાં પાકિસ્તાનની બોર્ડર પર એંટી-ઇન્ફીલ્ટરેશન ગ્રિડ (ઘૂષણખોરી વિરોધી ગ્રિડ)ને મજબૂત કરવા માટે 'ઓપરેશન સુદર્શન' શરૂ કર્યું. આ ઓપરેશન ભારત-પાકિસ્તાનની 1,000 કિ.મી. આંતરરાષ્ટ્રીય સીમાને કવર કરશે.
- દિલ્હી-લખનૌ તેજસ દેશની પ્રથમ ખાનગી ટ્રેન.

crackgpsc.com

- કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી, શ્રી નરેન્દ્ર સિંહ તોમરે એક કોફી ટેબલ પુસ્તક '50 યર્સ ઓફ પાર્ટનરશિપ ફોર ચેન્જ'નું વિમોચન કર્યું.
- સંસદે આધાર એન્ડ અધર લોઝ (અમેન્ડમેન્ટ) બિલ-2019 પાસ કર્યું, જે બેંક ખાતા ખોલવા અને મોબાઈલ કનેક્શન મેળવવા માટે ઓળખપત્ર તરીકે આધારકાર્ડના સ્વૈચ્છિક ઉપયોગની સંમતિ આપે છે.
- રાનીદુગામા, શ્રીલંકામાં ભારતીય સહાયથી નિર્મિત 2400 ઘરવાળું પ્રથમ આદર્શ ગામ બન્યું. આ યુદ્ધ ગ્રસ્ત લોકો અને એસ્ટેટ શ્રમિકો માટે બનાવાયેલ આવાસ પરિયોજનાના એક ભાગ રૂપે છે.
- ભારતીય રેસલર વિનેશ ફોગાટે સ્પેનના મેડ્રીડમાં ગ્રાન્ડ પ્રિક્સ-2019માં 53 કિગ્રા વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- અમેરિકન એરોસ્પેસ પ્રમુખ બોઈંગે ગુજરાતના મુંદ્રા બંદરે ભારતીય વાયુ સેના માટે બે નવા ચિનૂક હેલિકોપ્ટર પહોંચ્યાની ઘોષણા કરી.
- વિશ્વ વિરાસત સમિતિનું આગામી સત્ર 2020માં ફુજી (ચીન)માં યોજાશે.
- બીજી ઇન્ડિયા-રશિયા સ્ટ્રેટેજિક ઇકોનોમિક મિટ નવી દિલ્હીમાં યોજાઈ.
- ઓરિસ્સા સરકારે કેન્દ્રની વિટનેસ પ્રોટેક્શન યોજના-2018 શરૂ કરી. આ યોજનાને લાગુ કરનાર ઓરિસ્સા દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ યોજના યોગ્ય કાયદો લાગુ થાય ત્યાં સુધી બંધારણની કલમ 141 અને 142 હેઠળ 'કાનૂન' ગણાશે.

## 11 જુલાઈ

- કેરલના કોત્તુરમાં ભારતનું પ્રથમ હાથી પુનર્વસન કેન્દ્ર બનશે. આ એક પર્યાવરણીય પર્યટન ગામ છે.
- લિયોનાર્ડો ડી'કેપ્રિયો, લોરેન્સ પોવેલ જોબ્સ અને બ્રાયન સેથ મળીને જળવાયુ પરિવર્તન સામે લડવા માટે અર્થ એલાયન્સ શરૂ કરશે. કેપ્રિયોએ પોતાની લિયોનાર્ડો ડી'કેપ્રિયો ફાઉન્ડેશનનો અર્થ એલાયન્સમાં વિલય કર્યો.
- ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ 'વિવેકદિપીની' નામના પુસ્તકનું વિમોચન કર્યું. વિવેકદિપીની આદિ શંકરાચાર્ય દ્વારા લેખિત પુરુષોત્તમ રત્નમાલાનો એક સારાંશ છે.
- પ્રોપર્ટી કન્સલ્ટન્ટ CBRE અનુસાર નવી દિલ્હીનું કનોટ પ્લેસ (CP) દુનિયાનું 9મું સૌથી મોંઘું ઓફિસ લોકેશન છે. હોંગકોંગનો સેન્ટ્રલ ડિસ્ટ્રીક્ટ સૌથી મોંઘું ઓફિસ લોકેશન છે.
- ફ્રાન્સ 2020થી એર ટિકિટ્સ પટ ગ્રીન ટેક્સ લગાવશે.
- ભારતીય પુરુષ ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રી અને મહિલા ફૂટબોલ ખેલાડી આશાલતા દેવીએ ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન એવોર્ડ્સમાં ટોચનું સન્માન મેળવ્યું.
- BCCIએ રાહુલ દ્રવિડને ભારતીય ક્રિકેટ એકેડમીના હેડ નિયુક્ત કર્યા.
- ભારતના લેફ્ટનન્ટ જનરલ શૈલેશ તિનેકર દક્ષિણ સુડાનમાં UN મિશનના ફોર્સ કમાન્ડર નિયુક્ત.
- મેગ્નસ કાર્લસને ક્રોએશિયા ગ્રાન્ડ ચેસ ટૂર-2019નો ખિતાબ જીત્યો.
- ભારતીય ફિલ્મ 'ગલી બોય'એ દક્ષિણ કોરિયામાં 23મા બોસોન ઇન્ટરનેશનલ ફેન્ટાસ્ટિક ફિલ્મ ફેસ્ટીવલમાં 'નેટવર્ક ફોર ધ પ્રમોશન ઓફ એશિયન સિનેમા' પુરસ્કાર જીત્યો.
- કિરિયાકોસ મિત્સોતાકિસ યૂનાનના નવા વડાપ્રધાન ચૂંટાયા.
- સમોયાના એપીયામાં યોજાયેલ કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ઝીલી દલબહરાએ પોડિયમ પર 154 કિગ્રા વેઇટ લિફ્ટ કરીને સિનીયર વિમેન્સ 45 કિગ્રા સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો. સિનીયર વિમેન્સ 55 કિગ્રામાં સોરોઇખાઈબામ બિંદીયારાની દેવીએ સુવર્ણ જીત્યો. જયારે સિનીયર મેન્સ 55 કિગ્રા વર્ગમાં ઋષિકાન્ત સિંહે 235 કિગ્રા વેઇટ લિફ્ટ કરીને સુવર્ણ જીત્યો.
- દૂતી ચંદે ઇટલીના નાપોલીમાં યોજાયેલ 100 મીટરની ડેશ ઇવેન્ટમાં વર્લ્ડ યુનિવર્સમાં સુવર્ણ જીત્યો. આ સાથે તે ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લીટ બની. હિમા દાસ બાદ દૂતી કોઈ વૈશ્વિક કાર્યક્રમમાં સુવર્ણ જીતનાર બીજી ભારતીય સ્પ્રિન્ટર બની.
- 11 જુલાઈ: વિશ્વ જનસંખ્યા દિવસ. UNના આંકડા પ્રમાણે, 65 વર્ષથી વધુ વયના લોકોની વસ્તી પાંચ વર્ષ સુધીનાં બાળકોથી વધુ થઇ ગઈ છે.

- o 2050માં વૃદ્ધોની સંખ્યા બે ગણી હશે.
- o દુનિયાનો દર 11મો શખ્સ વૃદ્ધ છે.
- o ગુજરાતની 50% વસ્તી સાત જિલ્લાઓમાં, બાકી 50% 26 જિલ્લાઓમાં.
- o ગુજરાતમાં દેશની કુલ વસતીના 4.99% વસ્તી.

**12 જુલાઈ**

- સીધા કરવેરાની આવકની દ્રષ્ટિએ ગુજરાત રૂ. 49,022 કરોડ સાથે દેશમાં પાંચમા ક્રમે. મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે.
- રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ જમ્મુ-કાશમીરના ભાગલાવાદી નેતા આસિયા અન્દ્રાબીની સંપત્તિ જપ્ત કરી.
- પેરિસમાં ક્લાઈમેટ ઈમરજન્સી લગાવાઈ. આવું ત્રણ વર્ષમાં 15 દેશના 722 નાના મોટા શહેર કરી ચૂક્યા છે.
- રેલવેના પાટા ઉપર રેલ દુર્ઘટનામાં હાથીઓના થતા મોતને અટકાવવા માટેની મધમાખીના અવાજના એમ્પલીફાઈડ વર્ઝનના ઉપયોગ માટે નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવેએ ઈન્ડિયન રેલવેનો બેસ્ટ ઇનોવેશન ઓફ ધ યર એવોર્ડ જીત્યો.
- શ્રીલંકા ઓરી (મિસલ્સ)ને નાબૂદ કરનાર WHOના દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રમાં પાંચમો દેશ બન્યો.
- શારજાહે પ્રથમ ગોલ્ડન કાર્ડ વિઝા ભારતીય પ્રવાસી વેપારી લાલૂ સેમ્યુઅલને આપ્યા.
- રશિયાએ હાઈડ્રો-મેટોરોલોજિકલ સેટેલાઈટ અને 32 નાના સેટેલાઈટ્સ સાથે સોયૂઝ-2.1 વાહક રોકેટને સફળતાપૂર્વક લોન્ચ કર્યા.
- નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમાએ 'NMIC બુલેટિન' નામનું એક પાક્ષિક બુલેટિન શરૂ કર્યું.
- આશુતોષ ગુપ્તા લિન્ક્ડઇન-ઈન્ડિયાના કન્ટ્રી મેનેજર નિયુક્ત.
- કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2019માં સિનિયર વિમેન્સ વર્ગમાં રાખી હલ્દર (64 કિગ્રા કેટેગરીમાં) અને દવિંદર કૌરે (59 કિગ્રા કેટેગરીમાં) એક એક ગોલ્ડ જીત્યાં.
- ગુજરાતના દાહોદ જિલ્લાના રાબડાળ પાસે 4.40 હેક્ટર વિસ્તારમાં આરોગ્ય વન વિકસાવવામાં આવી રહ્યું છે.
  - o આરોગ્ય વનમાં 71 પ્રકારની કુલ 3,446 ઔષધિઓ રોપવામાં આવી છે.
  - o તમામ રોપા પાસે છોડનું નામ તથા તે કઈ બિમારી માટે ઉપયોગી છે તેવી માહિતી દર્શાવવામાં આવી છે.
  - o તમામ છોડને ટપક સિંચાઈ પદ્ધતિથી પાણી આપવામાં આવે છે.
  - o સિંચાઈ માટે મૂકવામાં આવેલ મોટર પણ સૂર્ય ઊર્જાથી સંચાલિત છે.
- અમરિકામાં ગ્રીનકાર્ડની 7%ની મર્યાદા હટાવાઈ. હવે વધુ લોકોને અમેરિકાનું ગ્રીનકાર્ડ મળી શકશે.
- ફિફા અંડર-17 વર્લ્ડ કપ-2019 એસ્ટાડિયો બેજેરો (બ્રાઝીલીયા)માં યોજાશે.
- એમ. એસ. ધોની વન ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ (ODI)માં 350 મેચ રમનાર બીજો ભારતીય ખેલાડી બન્યો. આ રેકોર્ડ બનાવનાર પ્રથમ ભારતીય ક્રિકેટર સચિન તેંદુલકર છે.




એક બુક, બધી પરીક્ષાઓ

તમામ પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી.

આજે જ વસાવો.

## 13 જુલાઈ

- અરુણ કુમાર એવિએશન રેગ્યુલેટર ડિરેક્ટરેટ ઓફ સિવિલ એવિએશનના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- યુક્રેને દુનિયાના સૌથી મોટા મુવેબલ મેટલ ડોમનું ઉદઘાટન કર્યુ, જેમાં ચર્નોબિલ પ્લાન્ટમાં નાશ પામેલ રિએક્ટર્સ છે. આ 108 મીટર ઊંચો ડોમ છે, જેનું વજન 36,000 ટન છે.
- ભારત સરકારે ન્યુક્લિયર પ્લાન્ટ્સ માટે આયાત થતી પ્રોડક્ટ્સ પરની બેઝિક કસ્ટમ ડ્યુટી માફ કરી.
- કેન્દ્રએ ઇન્ડિયન રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ને ઓર્ગેનાઇઝ્ડ ગ્રુપ 'A'નો દરજ્જો આપ્યો.
- રેલવે પરિસરમાં અનધિકૃત PDW (પેકેજ્ડ ડ્રિન્કિંગ વોટર)ના ખતરાને રોકવા માટે 'ઓપરેશન થર્સ્ટ' નામનું એક દેશવ્યાપી અભિયાન શરૂ કર્યું.
- સોનાક્ષી સિંહા કેવિનકેરની સૌથી મોટી શેમ્પૂ બ્રાન્ડ CHIKની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ક્રિકેટર પૃથ્વી શો ફનમોજોના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- કેન્દ્ર સરકારે દેશમાં પ્રથમ નેશનલ પોલીસ યુનિવર્સિટી સ્થાપિત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.
- NAVIO પ્રતિષ્ઠિત 'ધ ઇકોનોમિક ટાઇમ્સ બેસ્ટ હેલ્થકેર બ્રાન્ડ્સ-2019'થી સન્માનિત. NAVIO, સ્મિથ એન્ડ નેફ્યૂ એક ગ્લોબલ મેડીકલ ટેકનોલોજી પ્રોવાઇડર છે.
- અક્ષય કુમાર ફોર્બ્સની વાર્ષિક હાઈએસ્ટ પેઈડ પર્સનાલિટીઝના લિસ્ટમાં સ્થાન મેળવનાર એક માત્ર બોલીવુડ એક્ટર છે.
- સરકારે કહેવાતી રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓ માટે અમેરિકા આધારિત પ્રમુખ ખાલિસ્તાની ગ્રુપ 'શીખ ફોર જસ્ટિસ' પર પ્રતિબંધ મૂકી દીધો.
- સિનીયર ડિપ્લોમેટ વિકાસ સ્વરૂપ ઓવરસીઝ ઇન્ડિયન અફર્સના આગામી સેક્રેટરી નિયુક્ત. તેઓ વર્તમાનમાં ઓટાવામાં ભારતના હાઇકમિશનર છે.
- ભારતીય વેઇટલિફ્ટર અજય સિંહે સમોઆમાં યોજાયેલ કોમનવેલ્થ ચેમ્પિયનશિપ-2019માં 81 કિગ્રા વર્ગમાં ગોલ્ડ જીત્યો.
- જેરેમી લાલ્રીનનુંગાએ 67 કિગ્રા કેટેગરીમાં સ્નેચ સિરીઝમાં 136 કિગ્રા વજન ઊંચકીને યુથ વર્લ્ડ, એશિયન અને કોમનવેલ્થ રેકોર્ડ બનાવ્યા.

## 14 જુલાઈ

- ભારતે બાંગ્લાદેશમાંથી વિસ્થાપિત થયેલ લોકોના ઉપયોગ માટે મ્યાંગ ડો(મ્યાનમાર)માં 250 પૂર્વ નિર્મિત મકાન સોંપ્યાં.
- ભારતની ઈશા કાન્ત ઇન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં ઇન્ટર્નશિપ પ્રોગ્રામ કરનાર દુનિયાની બે વ્યક્તિઓમાંની એક.
- દિલ્હી સરકારે રાજઘાટ થર્મલ પાવર પ્લાન્ટને સત્તાવાર રીતે બંધ કરીને તેના સ્થાને સોલર પાર્ક અને ઈલેક્ટ્રીસિટી મ્યુઝિયમ બનાવવાની ઘોષણા કરી.
- બલબીર સિંહ ઢીલોન ઓડી ઇન્ડિયાના નવા હેડ નિયુક્ત.
- ગુજરાત સરકાર એવિએશન ઇન્ડસ્ટ્રી (ઉડ્ડયન ઉદ્યોગ)માં કૌશલ વિકાસ માટે સેન્ટર ફોર એક્સેલન્સ શરૂ કરશે.
- UN ડેવલપમેન્ટ પ્રોગ્રામના ગ્લોબલ મલ્ટીડાયમેન્શનલ પોવર્ટી ઇન્ડેક્સ-2019 અનુસાર ભારતની MPI વેલ્યુ 2005-06માં જે 0.283 હતી તે ઘટીને 2015-16માં 0.123 થઇ. 2006થી 2016 સુધીમાં 271 મિલિયન લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. ભારતમાં બાળ મૃત્યુ દર 4.5%થી ઘટીને 2.2% થયો છે.
- પરફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ-2017-18 અનુસાર ચંડીગઢ શિક્ષણ ક્ષેત્રે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સર્વશ્રેષ્ઠ સ્થાને. અરુણાચલ પ્રદેશ 36મા રેન્ક સાથે સૌથી ઓછું પ્રદર્શન કરનાર રાજ્ય.
- YouTubeએ ગણિત, વિજ્ઞાન, સંગીત અને ભાષા જેવા વિષયો પર શૈક્ષણિક વિડિયો માટે સમર્પિત લેન્ડીંગ પેજીસ સાથે એક નવી શૈક્ષણિક સુવિધા 'લર્નિંગ પ્લેલિસ્ટ' લોન્ચ કર્યું.

crackgpsc.com

- SBIના MD અંશુલા કાંત વર્લ્ડ બેંકનાં MD અને ચીફ ફાયનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત. તેઓ વર્લ્ડ બેંકનાં પ્રથમ મહિલા CFO બન્યાં.
- ઇન્ડીપેંડન્ટ એટલાન્ટીક લીગ કોમ્પ્યુટર કોલ બોલ અને સ્ટ્રાઇકવાળી અમેરિકાની પ્રથમ પ્રોફેશનલ બેઝબોલ લીગ બની.
- રાશિદ ખાન ત્રણેય ફોરમેટમાં અફગાનિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન નિયુક્ત.
- અમેરિકાના ફેડરલ ટ્રેડ કમિશન (FTC) દ્વારા ફેસબુકને 8.7 કરોડ યુઝર્સનો ડેટા લીક કરવા બદલ રૂપિયા 343 અબજ (34,280 કરોડ)નો દંડ. દુનિયામાં કોઈ પણ ટેકનોલોજી કંપનીને થયેલ આ સૌથી મોટો દંડ છે.
- TVSએ એથનોલ દ્વારા ચાલતી ભારતની પ્રથમ બાઇક લોન્ચ કરી, જેની કિંમત 1.20 લાખ રૂપિયા છે.
- મેઘાલય રાજ્યમાં જળ મુદ્દાઓ, સંરક્ષણ અને જળ સ્રોતોના સંરક્ષણ માટેની જળનીતિને મંજૂરી આપનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું.
- સિમોના હોલેપે સેરેના વિલિયમ્સને હરાવીને વિમેન્સ સિંગલ વિમ્બલડન ટાઇટલ-2019 જીત્યું.
- 14 જુલાઇ: નેશનલ ડે ઓફ ફ્રાન્સ.

### 15 જુલાઇ

- આર્થિક સર્વેક્ષણ અનુસાર ભારતમાં સરેરાશ અપેક્ષિત આયુ 68.7 વર્ષ. કેરળ 75.1 વર્ષ સાથે પ્રથમ ક્રમે. ગુજરાત વ્યક્તિની સરેરાશ અપેક્ષિત આયુ 69.5 વર્ષ સાથે દેશમાં 10મા ક્રમે. ગુજરાતમાં પુરુષો સરેરાશ 67 વર્ષ 4 મહિના જયારે મહિલાઓ 71 વર્ષ 8 મહિના જીવે છે.
- USAમાં ઉષ્ણકટિબંધીય સાયક્લોન બેરી હવા અને વરસાદ સહીત લુઇસિયાનામાં ત્રાટક્યું.
- UN ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઇમ (UNODC)ના ગ્લોબલ સ્ટડી ઓન હોમિસાઇડ-2019 રિપોર્ટ અનુસાર ભારતમાં સમગ્ર હોમિસાઇડના દરમાં 10%નો ઘટાડો નોંધાયો. ઉપરાંત ભારતમાં પુરુષોની તુલનાએ આત્મહત્યા કરનારાઓમાં મહિલાઓની સંખ્યા વધુ છે.
- રશિયાએ કઝાકિસ્તાનના બેકોનૂરમાં આવેલ કોસ્મોડ્રોમથી સ્પેસ ટેલિસ્કોપ 'સ્પેક્ટ્ર RG' લોન્ચ કર્યું.
- નાસાના હબલ સ્પેસ ટેલિસ્કોપનો ઉપયોગ કરીને ખગોળ વિદોએ એક સ્ટાર્વિંગ બ્લેક હોલની ખૂબ જ નજીક એક ડિસ્કની શોધ કરી.
- SBI ઓગસ્ટ-2019થી IMPS (Immediate Payment Service) મારફતે મોબાઇલથી ફંડ ટ્રાન્સફરનો લાગતો ચાર્જ દૂર કરશે.
- યદલાપતિ રઘુનાથ બાબુ ટોબેકો બોર્ડના અધ્યક્ષ નિયુક્ત.
- સૂચના અને પ્રસારણ મંત્રાલયના ફિલ્મ ડિવિઝને મુંબઇમાં એક ડોક્યુમેન્ટરી ફિલ્મ ક્લબ 'KSHITIJ'નો શુભારંભ કર્યો.
- થિચ નાત હાનને ગાંધી-મંડેલા શાંતિ પદક-2019 આપવામાં આવ્યું. થિચ નાત હાન એક વૈશ્વિક આધ્યાત્મિક નેતા, કવિ અને શાંતિ કાર્યકર્તા છે.
- મુંબઇ સ્થિત ટાટા ઇન્સ્ટીટ્યુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR)ના વૈજ્ઞાનિકોએ 'બ્લેક ગોલ્ડ' નામનું એક નવું મટિરિયલ વિકસાવ્યું.
  - સોનાના નેનોપાર્ટીકલ્સનો ઉપયોગ કરીને તેમની વચ્ચેના આકાર અને અંતરને ફરીથી ગોઠવીને એક નવી સામગ્રી વિકસાવી.
  - બ્લેક ગોલ્ડ પ્રકાશ અને કાર્બન ડાયોક્સાઇડને શોષી લેવાની ક્ષમતા ધરાવે છે.
  - તે કાર્બન ડાયોક્સાઇડને મિથેનમાં ફેરવી શકે છે.
- ફ્રાન્સ ડિજિટલ કંપનીઓ પર ટેક્સ લગાવનાર વિશ્વની પ્રથમ અર્થવ્યવસ્થા બની ગયું. આ કર GAFA (ગુગલ, એપલ, ફેસબુક અને એમેઝોન) ટેક્સ કહેવાય છે.
- મેરીટાઇમ એંટી-કરપ્શન નેટવર્ક (MACN)એ ભારતમાં પોર્ટ ઈંટીગ્રિટી કેમ્પેઇન શરૂ કર્યુ. આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતીય બંદરોમાં ઓપરેશન્સ (પરિચાલન) દરમ્યાન વેપાર માટે ઈંટીગ્રિટી બાબતો અને મુશ્કેલીઓને દૂર કરવાનો

છે. MACN સમુદ્રી ઉધોગોમાં ભ્રષ્ટાચાર સામે લડવા માટે કાર્ય કરતી 110થી વધુ કંપનીઓનું એક વૈશ્વિક વેપાર સંગઠન છે.

- ઇન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા (ICSI)એ એક યુનિક ડોક્યુમેન્ટ આઇડેન્ટિફીકેશન નંબર (UDIN) તરીકે એક પહેલ શરૂ કરી. UDIN ઓકટોબર-2019થી કોઇ કંપની સેક્રેટરી દ્વારા સાઇન થયેલ કે સર્ટિફાઇડ ઈ-ફોર્મ સિવાયના દરેક દસ્તાવેજ પર લાગુ થશે.
- ભારતના સૌથી મોટા ઓનલાઇન માર્કેટપ્લસ paisabazar.comએ ફાયનાન્સ પ્રોડક્ટ્સ માટે સેમસંગ સાથે ભાગીદારી કરી. paisabazar.com સેમસંગ પે યુસર્ઝને તેમની નાણાકીય જરૂરિયાતો માટે વન-સ્ટોપ સોલ્યુશન પ્રદાન કરશે.
- બી. એલ. સંતોષ BJPના જનરલ સેક્રેટરી નિયુક્ત.
- કોંગ્રેસ નેતા નવજોત સિંહ સિદ્ધૂએ પંજાબ મંત્રીમંડળમાંથી રાજીનામું આપ્યું.
- બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ હુસેન મુહમ્મદ ઈર્શાદનું નિધન.
- ICC વર્લ્ડ કપ ફાઇનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને ઇંગ્લેન્ડે પોતાનો પ્રથમ વર્લ્ડ કપ જીત્યો. ન્યુઝીલેન્ડનો કેન વિલિયમસન પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ.

## 16 જુલાઇ

- એક ઇન્ટરનેશનલ આર્બિટ્રેશન કોર્ટે 2011માં રેકો ડિક પરિયોજના માટે ટેથિયન કોપર કંપની (TCC)ને ગેરકાયદેસર રીતે ખનન પટ્ટ આપવાનો ઇનકાર કરવા બદલ પાકિસ્તાન પર 5 બિલિયન ડોલર્સનો દંડ ફટકાર્યો.
- જર્મનીના સુહલમાં યોજાયેલ ISSF જુનિયર વર્લ્ડ કપમાં મેન્સ 50 મીટર પિસ્ટલ ઇવેન્ટમાં ભારતના ગૌરવ રાણાએ ગોલ્ડ અને અર્જુન સિંહ ચીમાએ સિલ્વર જીત્યો. વિમેન્સ 50 મીટર પિસ્ટલ ઇવેન્ટમાં પ્રિયા રાઘવે સિલ્વર અને વિભૂતિ ભાટિયાએ બ્રોન્ઝ જીત્યો.
- સિલ્વરસ્ટોન સર્કિટમાં લુઇસ હેમિલ્ટને બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સ જીતી.
- ઈસ્તાંબુલમાં યોજાયેલ યાસર ડોગૂ ઇન્ટરનેશનલમાં ભારતીય રેસલર વિનેશ ફોગટે 53 કિગ્રા વર્ગમાં ગોલ્ડ જીત્યો.
- UNના 'ધ સ્ટેટ ઓફ ફૂટ સિક્યુરિટી એન્ડ ન્યુટ્રીશન ઇન ધ વર્લ્ડ' એક રિપોર્ટ અનુસાર પાછલા વર્ષમાં દ્રીયામાં 821 મિલિયનથી વધુ લોકો ભૂખથી પીડિત હતા.
- ટેનિસમાં નોવાક જોકોવિચે રોજર ફેડરરને હરાવીને પોતાનો પાંચમો વિમ્બલ્ડન ખિતાબ જીત્યો. આ જોકોવિચનો 16મો ગ્રાન્ડસ્લેમ છે.
- સુપ્રીમ કોર્ટે બે ભારતીય પક્ષી ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ અને લેસર ફ્લોરિકનની લુપ્ત થતી પ્રજાતિઓની સુરક્ષા માટે હાઇ પાવર્ડ કમિટીની રચના કરી.
- હિમાચલ પ્રદેશના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગુજરાતના રાજ્યપાલ નિયુક્ત. તેમણે પ્રદુષણ મુક્ત પર્યાવરણ માટે ઘણું કામ કર્યુ છે, ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે યુરોપ અને દક્ષિણ પૂર્વ એશિયામાં પ્રવાસ પણ કરેલ છે.
- ભાજપાના વરિષ્ઠ નેતા કલરાજ મિશ્રા હિમાચલ પ્રદેશના રાજ્યપાલ નિયુક્ત.
- બોક્સર વિજેન્દર સિંહે અમેરિકાના નેવાર્કમાં US પ્રોફેશનલ સર્કિટમાં માઇક સ્નાઇડર પર ટેકનિકલ નોકઆઉટ દ્વારા જીત મેળવી. વિજેન્દરની આ આઠમી નોકઆઉટ જીત છે.
- ATP વર્લ્ડ સિંગલ રેન્કિંગમાં નોવાક જોકોવિચ પ્રથમ ક્રમે યથાવત.
- લોકસભામાં NIA (નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી) સુધારા બિલ બહુમતીથી પાસ. NIA ભારતમાં આતંકવાદનો સામનો કરવા માટે ભારત સરકાર દ્વારા સ્થાપિત સંઘીય તપાસ એજન્સી છે. NIA રાજ્યોની વિશેષ મંજૂરી વગર આતંક સંબંધી ગુનાઓની તપાસ કરીને ગુનેગારોની ધરપકડ કરી શકે છે.

**NIAની નવી જોગવાઇઓ:**

- o NIAની તપાસનો વ્યાપ વધશે, NIA વિદેશમાં જઈને ભારતીય અને ભારતીય સંપત્તિઓ સાથેના કેસની તપાસ કરી શકશે. NIAને હથિયારો, માદક દ્રવ્યો અને માનવ તસ્કરી સંબંધિત કેસોની તપાસની સત્તા મળશે. NIAને વિદેશમાં ગંભીર ગુનાઓના કેસોની નોંધણી અને તેની તપાસની સત્તા.
- o NIAએ આતંકવાદ, દેશ વિરોધી ગતિવિધિઓ તથા સાયબર ક્રાઈમની તપાસનો અધિકાર મળશે. દેશ-વિદેશમાં ગુનાની તપાસ માટે NIAના અધિકારીઓને પોલીસ અધિકારીઓ જેવી સત્તાઓ અને વિશેષાધિકાર.
- o એનઆઈએ 272 કેસોમાં એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી, તેમાં 52 કેસોમાં ચુકાદા આવ્યા અને 46 દિવસમાં ગુનો સાબિત થઇ શક્યો. પ્રસ્તાવિત ખરડાથી NIAની તપાસનો વ્યાપ વધારી શકશો અને તેઓ વિદેશમાં પણ તપાસ કરી શકશે.

**17 જુલાઈ**

- ચેક રિપબ્લિકની બારબોરા સ્ટ્રાઈકોવા તથા તાઈવાનની સિયેહ સૂ વેઇએ વિમ્બલડન વિમેન્સ ડબલ્સનો ગ્રાન્ડસ્લેમ જીત્યો.
- ટોક્યો ઓલિમ્પિક-2020 માટે ભારતીય ખેલાડીઓ માટે ટોક્યોમાં દરેક પ્રકારની સુવિધાઓયુક્ત 'ઇન્ડિયન હાઉસ' સ્થાપવામાં આવશે.
- દક્ષિણ આફ્રિકામાં ભારતીય રાજદૂતોએ મહાત્મા ગાંધીના અહિંસા અને સત્યાગ્રહના આદર્શો વિષે અધિક જાગૃતિ ફેલાવવા માટે એક સાઇકલ રેલીમાં ભાગ લીધો.
- મેલબોર્ન સ્થિત લા ટ્રોબ યુનિવર્સિટી દ્વારા શાહરૂખ ખાનને મીર ફાઉન્ડેશનના માધ્યમથી તેમના યોગદાન બદલ ડોક્ટરેટની ઉપાધિથી સન્માનિત કરવામાં આવશે. લા ટ્રોબ યુનિવર્સિટી શાહરૂખને માનદ પદવી આપનાર પ્રથમ ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટી છે.
- બ્રેસ્ટ સર્જન પદ્મ શ્રી પી. રઘુ રામ થાઈલેન્ડની રોયલ કોલેજ ઓફ સર્જનની માનદ ફેલોશિપથી સન્માનિત.
- બ્રેસ્ટ સર્જન પદ્મ શ્રી રઘુ રામ એસોસિએશન ઓફ સર્જન ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ નિયુક્ત.
- સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ એ. કે. સિકરી સિંગાપુર ઇન્ટરનેશનલ કોમર્શિયલ કોર્ટના આંતરરાષ્ટ્રીય ન્યાયાધીશ નિયુક્ત.
- અનુસૂયા ઉઇકે છત્તીસગઢનાં રાજ્યપાલ નિયુક્ત.
- વિશ્વભૂષણ હરીચંદન આંધ્રના રાજ્યપાલ નિયુક્ત.
- સ્વતંત્ર દેવ સિંહ ઉત્તરપ્રદેશ ભાજપાના નવા પ્રમુખ નિયુક્ત.
- દિલ્હીમાં સૌથી વધુ સૌર ઊર્જા પેદા કરનારી રૂ. 855 કરોડના ખર્ચે બનેલ સુપ્રીમ કોર્ટની નવી ઇમારતનું રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ઉદ્દઘાટન. આ ઇમારત 1400 કિલોવોટ વીજળી સૌર ઊર્જામાંથી પેદા કરશે, જે દેશની કોઇ પણ ઇમારતની તુલનામાં સૌથી વધુ છે.
- ટ્રાફિક ઉલ્લંઘન બાબતે દંડ નહિ ભરવામાં ગુજરાત 7મા ક્રમે, બંગાળના વાહનચાલકો દંડ નહિ ભરવાની બાબતે દેશમાં સૌથી આગળ. જયારે ઝારખંડ દંડ ભરવામાં સૌથી આગળ.

**18 જુલાઈ**

- ઓનલાઈન ટ્રાવેલ એજન્સી ગ્લોબહંટર્સની દુનિયાના 45 સૌથી લોકપ્રિય એરપોર્ટ્સની યાદીમાં દિલ્હીનું IGI એરપોર્ટ 38મા અને મુંબઈનું છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ એરપોર્ટ 43મા સ્થાને. યાદી મુજબ જાપાનનું નરિતા એરપોર્ટ દુનિયાનું સૌથી સારું બિઝનેસ એરપોર્ટ છે.
- મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના અને ટેનિસ પ્લેયર રોહન બોપન્ના અર્જુન પુરસ્કાર-2018થી સન્માનિત.
- કોલંબોમાં આયોજિત 9મા SAARC ફિલ્મ ફેસ્ટીવલમાં ફિલ્મ 'નગરકીર્તન'ને બેસ્ટ ફીચર ફિલ્મ સહિત ઇન્ડિયન એન્ટ્રીઝે 6 પુરસ્કાર જીત્યા.

- જર્મન ડિફેન્સ મિનિસ્ટર ઉર્સુલા વોન ડેર લેયન યુરોપિયન કમિશનનાં પ્રથમ મહિલા અધ્યક્ષ નિયુક્ત.
- 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ કટકમાં શરૂ. ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ સહિત 12 દેશો આ ચેમ્પિયનશિપમાં ભાગ રહ્યા છે.
- રોહિંગ્યા અલ્પસંખ્યકોની જાતીય સફાઈમાં ભજવેલ ભૂમિકાને કારણે અમેરિકાએ મ્યાનમારના સેનાપ્રમુખ પર પ્રતિબંધ મૂક્યો. અમેરિકા મ્યાનમારની સેનાના સૌથી વરિષ્ઠ નેતૃત્વ બાબતે સાર્વજનિક રીતે કાર્યવાહી કરનાર પ્રથમ સરકાર છે.
- પ્રસિદ્ધ તબલાવાદક જાકિર હુસેન અને નૃત્યાંગના સોનલ માનસિંહ પ્રદર્શન કલા ક્ષેત્રે સંગીત નાટક અકાદમી ફેલોશિપ માટે ચૂંટાયા. તે ઉપરાંત કોરિયોગ્રાફર જતીન ગોસ્વામી અને ભારતનાટ્યમના ગુરુ કે. કલ્યાણસુંદરમ પિલ્લાઇ પણ આ ફેલોશિપ માટે ચૂંટાયા.
- કમાન્ડ હોસ્પિટલ એર ફોર્સ, બેંગલુરુ સર્વશ્રેષ્ઠ કમાન્ડ હોસ્પિટલ-2018 માટે રક્ષા મંત્રી ટ્રોફીથી સન્માનિત. કમાન્ડ હોસ્પિટલ સેન્ટ્રલ કમાન્ડ, લખનૌ બીજી સર્વશ્રેષ્ઠ કમાન્ડ હોસ્પિટલ-2018 ઘોષિત.
- ટોક્યો ઓલિમ્પિક-2020 માટેની ટેસ્ટ ઇવેન્ટમાં ભારતની ટોચની તીરંદાજ દીપિકા કુમારીએ સિલ્વર જીત્યો.
- ચેક ગણરાજ્યમાં તાબોર એથલેટીક્સ ચેમ્પિયનશિપમાં 200 મીટરની દોડ જીતીને હિમા દાસે એક પખવાડિયામાં પોતાનો ચોથો ગોલ્ડ જીત્યો.
- ISSF જુનિયર વર્લ્ડકપમાં અનીશ ભાનવાલાએ 25 મીટર રેપિડ ફાયર પિસ્ટલ ઇવેન્ટમાં સુવર્ણ જીત્યો.
- 18 જુલાઈ: નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ. મંડેલા રંગભેદ વિરોધી ક્રાંતિકારી, રાજનીતિજ્ઞ તથા પરોપકારી વ્યક્તિ તરીકે જાણીતા છે.
- વિશ્વમાં 82 કરોડ લોકો ભૂખમરાથી હેરાન, ત્રણ વર્ષથી કુપોષણ વધી રહ્યું છે. UNના રિપોર્ટ મુજબ 2004-06 સુધી ભારતમાં 25.3 કરોડ કુપોષિત હતા, 2016-18માં તે ઘટીને 19.4 કરોડ થઇ ગયા.

**19 જુલાઈ**

- એ. એમ. નાઈક બેંગલુરુ સ્થિત IT ફર્મ માઇન્ડટ્રી લિ.ના નોન-એક્ઝીક્યુટીવ ચેરમેન નિયુક્ત.
- કેન્દ્રએ નેશનલ મેડિકલ કમિશન બિલ-2019ને મંજૂરી આપી. આ બિલમાં ભારતીય ચિકિત્સા પરિષદ (મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા)ના સ્થાને નેશનલ મેડિકલ કમિશન સ્થાપિત કરવાની અને ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ-1956ને ભંગ કરવાની જોગવાઈ છે.
- ICJ (ઇન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ)એ પાકિસ્તાન દ્વારા કુલભૂષણ જાધવની ફાંસી પર રોક લગાવી. જાધવની 2016માં બલૂચિસ્તાનના રખાઇન પ્રાંતમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પર બલૂચિસ્તાનમાં આતંકવાદ, જાસૂસી અને ઉપદ્રવ ફેલાવવાનો આરોપ હતો.
- પર્યટન મંત્રાલયના 'ફાઇન્ડ ધ ઇન્ક્રેડિબલ યુ' અભિયાને 'માર્કેટિંગ-પ્રાઈમરી ગવર્નમેન્ટ ડેસ્ટીનેશન' કેટેગરી હેઠળ પેસિફિક એશિયા ટ્રાવેલ એસોસિએશન (PATA) ગોલ્ડ એવોર્ડ-2019 જીત્યો.
- કોંગોમાં પ્રવર્તમાન ઇબોલાના પ્રકોપને WHOએ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી ઘોષિત કરી. ઇતિહાસના બીજા સૌથી ઘાતક ઇબોલા પ્રકોપથી અત્યાર સુધી લગભગ 1,600થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે.
- સર્વિતા શેઠી કોકા-કોલાના ભારત અને દક્ષિણ પશ્ચિમ એશિયાના યુનિટનાં ઉપાધ્યક્ષ M&A એન્ડ ન્યુ વેન્ચર્સ તથા હર્ષ ભૂટાની ઉપાધ્યક્ષ-ફાયનાન્સ (CFO) નિયુક્ત
- બ્રાન્ડ ફાયનાન્સ ઇન્ડિયા 100-2019ના રિપોર્ટ અનુસાર સતત બીજા વર્ષે ટાટા ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ. ગયા વર્ષની તુલનાએ તેની બ્રાન્ડ વેલ્યુ 37% વધીને 19.6 બિલિયન ડોલર્સ થઇ. બીજા સ્થાને 7.3 બિલિયન ડોલર્સ સાથે ભારતીય જીવન વીમા નિગમ (LIC), 6.5 બિલિયન ડોલર્સ સાથે ઇન્ફોસિસ ત્રીજા ક્રમે.
- ભારતી એરટેલને પછાડીને રિલાયન્સ જિયો ઇન્ફોકોમ લિ. મોબાઈલ સબસ્ક્રાઇબર બેઝ બાબતે બીજી સૌથી મોટી ઓપરેટર કંપની બની. 387.55 મિલિયન યુઝર્સ સાથે વોડાફોન આઇડિયા પ્રથમ ક્રમે.

crackgpsc.com

- એશિયાની સૌથી જૂની વિશ્વની ત્રીજી સૌથી જૂની ફૂટબોલ ટૂર્નામેન્ટ ડુરંડ કપ 2 વર્ષ બાદ ફરીથી રમાશે. 131 વર્ષ આગાઉ 1888માં આ ટૂર્નામેન્ટની શરૂઆત થઇ હતી, આ વખતે આઝાદી બાદ પ્રથમ વખત દિલ્હીના સ્થાને ટૂર્નામેન્ટ કોલકાતામાં યોજાશે.
- ISSF જુનિયર વર્લ્ડકપમાં ભારતના વર્ચસ્વ સાથે સરબજોત સિંહે મેન્સ 10 મીટર એર પિસ્ટલમાં ગોલ્ડ જીત્યો.
- ICCએ ઝિમ્બાબ્વે ક્રિકેટને ગ્લોબલ યુનિટના નિયમોનું ઉલ્લંઘન કરવા માટે તત્કાલ અસરથી પ્રતિબંધિત કરી દીધું.

**20 જુલાઈ**

- ICCએ સચિન તેંદુલકર, એલન ડોનાલ્ડ અને કેથરીન ફિટ્ઝપેટ્રિકને ICC હોલ ઓફ ફેમમાં સામેલ કર્યા. બિશન સિંહ બેદી, સુનીલ ગાવસ્કર, કપિલ દેવ, અનિલ કુંબલે, રાહુલ દ્રવિડ બાદ સચિન હોલ ઓફ ફેમમાં સામેલ થનાર છઠ્ઠા ભારતીય. સચિને કુલ 34,357 રન બનાવ્યા છે અને 100 ઇન્ટરનેશનલ સદી ફટકારનાર એકમાત્ર બેટ્સમેન છે.
- લાર્સન એન્ડ ટુબ્રો ઇન્ફોટેક લિ. AI કંપની લિમ્બાઇકનું અધિગ્રહણ કરશે. ઇબિક્સ ઇન્કે યાત્રા ઓનલાઈન ઇન્કનંછ અધિગ્રહણ કરશે.
- 20 જુલાઈ: ઇન્ટરનેશનલ ચેસ ડે. ચેસ સમગ્ર વિશ્વ માટે ભારત તરફથી એક બહુમૂલ્ય ઉપહારોમાંથી એક છે. ચેસની ઉત્પત્તિ 'ચતુરંગ'માં મળી આવે છે, જે મધ્યકાલીન યુગમાં ભારતમા રમાતી એક રણનીતિક રમત છે.
- NIIT લિ.એ શિક્ષણ ક્ષેત્રે 'બેસ્ટ ઇનોવેટિવ બ્રાન્ડ' તરીકે ASSOCHAM એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ-2019 જીત્યો.
- ટ્રેક એન્ડ ફિલ્ડની રાણી એથ્લીટ પી. ટી. ઉષાની ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન દ્વારા વર્લ્ડ એથ્લેટિક્સ માટે તેમની લાંબી અને ઉત્કૃષ્ટ સેવાઓ માટે વેટરન પિન માટે પસંદગી. ઉષા 52મી IAAF કોંગ્રેસના ઉદઘાટન સમારોહ દરમ્યાન દોહામાં પિન પ્રાપ્ત કરશે.
- તમિલનાડુમાં નવા બે જિલ્લા બનતા કુલ જિલ્લાની સંખ્યા 35 થશે. તિરુનેલવેલીમાંથી અલગ કરીને નવો તેનકાસી જિલ્લો અને કાંચીપુરમ જિલ્લામાંથી અલગ કરીને નવો ચેંગલપેટ જિલ્લો બનશે.
- પવન પાઠક ભારતપેના સિનિયર વાઇસ પ્રેસીડેન્ટ (પ્રોડક્ટ્સ) અને અભિષેક શર્મા વાઇસ પ્રેસિડેન્ટ (પ્રોડક્ટ્સ) નિયુક્ત.
- DRDOના રિસર્ચ વેસલ INS સાગરધ્વનિને કોચ્ચિમાં દક્ષિણ જેટી, સાઉધર્ન નેવી કમાન્ડ (SNC)થી સાગર મૈત્રી (SM) મિશન-2 માટે રવાના કરાયું.
- ISSF જુનિયર વર્લ્ડ કપમાં ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમરે રાઇફલ-3 પોઝિશન ઇવેન્ટમાં જુનિયર વર્લ્ડ રેકોર્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.
- લાલજી ટંડન મધ્યપ્રદેશના, ફાગુ ચૌહાણ બિહારના, આર. એન. રવિ નાગાલેન્ડના, આનંદીબેન પટેલ ઉત્તરપ્રદેશનાં, જગદીપ ધનકર પશ્ચિમ બંગાળના તથા રમેશ બૈસ ત્રિપુરાના ગવર્નર નિયુક્ત.

**21 જુલાઈ**

- વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલ નવી દિલ્હીમાં ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ GII લોન્ચ કરશે.
  - GII દુનિયાની તમામ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાઓની ઈનોવેટિવ ક્ષમતાઓના આકલન માટેનું એક ચાર્ટર છે.
  - આ વર્ષનો વિષય - ઇવેલ્યુએટિંગ ધ મેડિકલ ઇનોવેશન સિનારિયો ઓફ ધ નેક્સ્ટ ડિકેડ.
- કટકમાં આયોજિત કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતે પુરુષ અને મહિલા બંને કેટેગરીમાં ગોલ્ડ જીતીને રેકોર્ડ બનાવ્યો. ભારતીય મહિલા ટીમે કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પ્રથમ વખત ગોલ્ડ જીત્યો.
- ખેલ મંત્રી કિરેન રિજિજૂએ ઇન્ટરકોન્ટિનેન્ટલ કપના અવસર પર ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશનની ગોલ્ડન બેબી લિગ હેન્ડબુક 2019-20 લોન્ચ કરી,

crackgpsc.com

- ઇન્ડિયન સ્પ્રિન્ટર સંજીવની યાદવ IAAFના એથ્લેટિક્સ ઈન્ટીગ્રિટી યુનિટ (AIU) દ્વારા ડોપિંગ ઉલ્લંઘન માટે 2 વર્ષ માટે પ્રતિબંધિત.
- IFS અધિકારી વિવેક કુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પર્સનલ સેક્રેટરી નિયુક્ત.
- સંજીવ કુમાર સિંગલા ઇઝરાયેલના આગામી ભારતીય રાજદૂત નિયુક્ત.
- અલ્જીરિયાએ આફ્રિકા કપ ઓફ નેશન્સનો ખિતાબ જીત્યો.
- ત્રણ વખત દિલ્હીનાં મુખ્યમંત્રી રહી ચૂકેલ અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા શીલા દીક્ષિતનું નિધન.
  - તેઓ સતત 15 વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે ફરજ બજાવનાર પ્રથમ મહિલા હતાં.
- દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પેટ્રોલિયમ પાઈપલાઈન ભારતના મોતિહારી (બિહાર) અને નેપાળના અમલેખગંજને જોડશે. મોતિહારીથી અમલેખગંજ સુધી 69 કિ.મી. લાંબી પેટ્રોલિયમ પાઈપલાઈનનું નિર્માણ ભારત દ્વારા કરવામાં આવેલ છે.
- પોંડીચેરી ક્રિકેટ એસોસિએશન (CAP)ને BCCIના પૂર્ણ સદસ્યનો દરજ્જો આપવામાં આવ્યો.
- સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે ગર્લ્સ U13નો ખિતાબ જીત્યો, જયારે નીલ જોશીએ બોય્ઝ U17નો ખિતાબ જીત્યો.
- ઉત્તર કોરિયાએ તાજીકિસ્તાનને હરાવીને ઇન્ટરકોન્ટિનેન્ટલ કપ ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- છત્તીસગઢના અંબિકાપુરમાં નગર નિગમ દ્વારા ભારતનું પ્રથમ ગાર્બેજ કેફે શરૂ કરવામાં આવ્યું.
  - આ કાર્યક્રમ હેઠળ કેફેમાં એક કિલો પ્લાસ્ટિકનો કચરો લાવનારને પુરૂ ભોજન આપવામાં આવશે, જયારે 500 ગ્રામ કચરાનો સંગ્રહ કરનારને નાસ્તો આપવામાં આવશે.
  - ઇન્દોર પછી અંબિકાપુર શહેરને ભારતના બીજા સૌથી સ્વચ્છ શહેરનો દરજ્જો આપવામાં આવેલ છે.

**22 જુલાઈ**

- ભારત સરકારે જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF) પરનો વ્યાજદર 8% થી ઘટાડીને 7.9% કર્યો.
- થિરૂવનંથપુરમ (કેરલ)ના નોલેજ સિટીમાં ભારતનો પ્રથમ સ્પેસ ટેક પાર્ક સ્થપાશે. શહેરને સ્પેસ સંબંધી ટેકનોલોજી માટે મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાના હેતુથી બનતા આ પાર્કમાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલકલામના નામ પર એક સ્પેસ મ્યુઝિયમ પણ હશે.
- NFBC-MFIના રેપકો માઈક્રોફાઈનાન્સે તમિલનાડુમાં સેલ્ફ હેલ્પ ગ્રુપ લિન્કેજમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે NABARD પુરસ્કાર 2018-19 જીત્યો.
- કાઠમંડુમાં યોજાયેલ 12મી દક્ષિણ એશિયાઇ બોડીબિલ્ડીંગ તથા ફિઝીક સ્પોર્ટ ચેમ્પિયનશિપમાં રવિન્દ્ર કુમાર મલિકે મિસ્ટર સાઉથ એશિયાનો ખિતાબ જીત્યો.
- હિમા દાસે ચેક ગણરાજ્યમાં 400 મીટર દોડ સ્પર્ધામાં ગોલ્ડ જીત્યો.
- અજય ભાદૂ રાષ્ટ્રપતિના જોઈન્ટ સેક્રેટરી નિયુક્ત.
- ટ્રાન્સયુનિયન CIBIL-SIDBIના MSME પલ્સ રિપોર્ટ અનુસાર ભારતમાં MSME કોર્પોરેટ લોનમાં પરફોર્મન્સ તથા ક્રેડીટ ગ્રોથની ક્ષમતા બાબતે ગુજરાત પ્રથમ રાજ્ય. ત્યારબાદ આંધ્રપ્રદેશ, હરિયાણા, કર્ણાટક અને દિલ્હીનું સ્થાન છે.
- ઇન્ડિયન નેવિ તથા ભારતના MDL શિપયાર્ડને પૂરક મિસાઇલ સિસ્ટમ પૂરી પાડવા માટે ઇઝરાયેલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીએ 50 મિલિયન ડોલર્સનો કરાર કર્યો.
- HDFC બેંક અને ભારત સરકારના કોમન સર્વિસ સેન્ટર (CSC)એ ગ્રામ્ય સ્તરના ઉદ્યમીઓ અને તેમના ગ્રાહકો માટે એક કો-બ્રાન્ડેડ લઘુ વ્યવસાય 'મનીબેક ક્રેડિટકાર્ડ' લોન્ચ કર્યું.
- એમ. એસ. ધોની ભારતીય સેનાના પેરાશૂટ રેજિમેન્ટની બટાલિયન સાથે બે મહિનાની ટ્રેનિંગ લેશે. તેઓ પેરાશૂટ રેજિમેન્ટ (106 પેરા TA બટાલિયન)ના પ્રાદેશિક સેના યુનિટમાં લેફ્ટનન્ટ કર્નલની માનદ રેન્ક ધરાવે છે.
- 22 જુલાઈ: વર્લ્ડ બ્રેઈન ડે 2019નો વિષય - માઈગ્રેન: ધ પેઈનફુલ ટ્રુથ.

crackgpsc.com

## 23 જુલાઈ

- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી GSLV માર્ક-3 દ્વારા ચંદ્રયાન-2 મિશન લોન્ચ. મૂળ રીતે 15 જુલાઈના રોજ લોન્ચ થનાર આ મિશન ટેકનિકલ ખામીને કારણે લોન્ચ થઇ શક્યું ન હતું.
- દેશમાં સાઈબર ક્રાઈમનો સામનો કરવા માટે 2018-2020ના સમયગાળા માટે 'ઇન્ડિયન સાઈબર ક્રાઈમ કો-ઓર્ડીનેશન સેન્ટર' (I4C) યોજના શરૂ કરવામાં આવી.
- જાકાર્તામાં યોજાયેલ ઇન્ડોનેશિયા ઓપનમાં પી. વી. સિંધૂએ સિલ્વર મેડલ જીત્યો.
- ફિલિપિનોના દિગ્ગજ મેની પેકક્વાયોએ WBA વેલ્ટરવેટ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો.
- એસ. સૌમ્યા સંગીત અકાદમીના સંગીત કલાનિધિ પુરસ્કાર માટે નામાંકિત.
- વરિષ્ઠ LJP નેતા અને સાંસદ રામચંદ્ર પાસવાનનું નિધન.
- આયરિશ ગોલ્ફર શેન લોરીએ બ્રિટિશ ઓપનનો ખિતાબ જીત્યો. આ તેનો પ્રથમ ગોલ્ફ ખિતાબ છે.
- 23 જુલાઈ: રાષ્ટ્રીય પ્રસારણ દિવસ.
    - ઈ.સ. 1927માં આ દિવસે દેશમાં પ્રથમ રેડિયો પ્રસારણ ખાનગી કંપની ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની હેઠળ બોમ્બે સ્ટેશનેથી ઓન એર થયું હતું.
    - ઈ.સ. 1936માં ભારતીય રાજ્ય પ્રસારણ સેવા ઓલ ઇન્ડિયા રેડિયો બની ગઇ.
- પી. વી. સિંધૂ અને કિદાંબી શ્રીકાંતે જાપાન ઓપન BWF વર્લ્ડ ટૂર સુપરમાં ભારતનું નેતૃત્વ કર્યું.
- બે વખતના ઓલિમ્પિક ગોલ્ડ વિજેતા કેશવ દત્ત અને ભારતના પૂર્વ ફૂટબોલ કેપ્ટન પ્રસૂન બેનરજીને 'મોહન બાગાન રત્ન'થી નવાજવામાં આવશે. 29 જુલાઈ 'મોહન બાગાન દિવસ' તરીકે ઉજવાય છે, કારણ કે ઈ.સ. 1911માં આ દિવસે મેરિનર્સ બ્રિટિશ ક્લબ, ઇસ્ટ યોર્કશાયર રેજિમેન્ટને હરાવનાર અને IFA શિલ્ડ જીતનાર પ્રથમ ક્લબ બન્યું હતું.
- 21મી કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં ટેબલ ટેનિસમાં ભારતે તમામ સાત ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યા. સુરતના હરમીત દેસાઈએ મેન્સ સિંગલ્સ અને આયહિકા મુખરજીએ વિમેન્સ સિંગલ્સના ગોલ્ડ જીત્યા. મેન્સ ડબલ્સ ઇવેન્ટમાં સુરતના માનવ ઠક્કર તથા તમિલનાડુના એન્થની અમલરાજે ગોલ્ડ જીત્યો.

## 24 જુલાઈ

- RBIના રિપોર્ટ અનુસાર 2018-19માં મહારાષ્ટ્ર 233 કેસ સાથે ATM ફ્રોડ્સમાં દેશમાં પ્રથમ નંબરે. દિલ્હી 179 કેસ સાથે બીજા નંબરે.
- ઇન્ડિયન નેવિએ ચેન્નઈમાં પોતાનુ પાંચમુ ડોર્નિયર એરક્રાફ્ટ સ્ક્વોડ્રન, ઇન્ડિયન નેવલ એર સ્ક્વોડ્રન (INAS)313 તેનાત કર્યુ. INAS 313નું નામ 'સી ઈગલ' રખાયું છે.
- પૂર્વ જાપાની રાજદૂત તથા આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA)ના પ્રમુખ યુકિયા અમાનોનું નિધન.
- દિલ્હીમાં યોજાયેલ કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશિપમાં ગુજરાતની રિદ્ધિ પટેલે U-12 ગર્લ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- ફિના વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં બ્રિટનના એડમ પેટીએ 100 મીટર બ્રેસ્ટ સ્ટ્રોક ઇવેન્ટ જીતી. એડમ 100 મીટર બ્રેસ્ટ સ્ટ્રોકના ત્રણ વર્લ્ડ ટાઇટલ જીતનાર વિશ્વનો પ્રથમ સ્વિમર બન્યો.
- સંસદે પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઈટ્સ (અમેન્ડમેન્ટ) બિલ-2019 પાસ કર્યુ.
    - બિલમાં નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન અને સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશનના અધ્યક્ષોના કાર્યકાળ વર્તમાન 5 વર્ષથી ઘટાડીને 3 વર્ષ સુધીનો કરવાની જોગવાઈ છે.
    - આ બિલ પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઈટ્સ એક્ટ -1993માં સુધારો કરે છે.

- **લેટેસ્ટ ICC વન ડે રેન્કિંગ:**
    - બેસ્ટ ટીમ ઇંગ્લેન્ડ
    - બેસ્ટ બેટ્સમેન વિરાટ કોહલી

crackgpsc.com

  - બેસ્ટ બોલર જસપ્રીત બુમરાહ
  - બેસ્ટ ઓલરાઉન્ડર શાકિબ (બાંગ્લાદેશ)

- **લેટેસ્ટ ICC ટેસ્ટ રેન્કિંગ:**
  - બેસ્ટ ટીમ ભારત
  - બેસ્ટ બેટ્સમેન વિરાટ કોહલી
  - બેસ્ટ બોલર કમિન્સ (ઓસ્ટ્રેલિયા)
  - બેસ્ટ ઓલરાઉન્ડર હોલ્ડર (વિન્ડીઝ)

- **લેટેસ્ટ ICC T20 રેન્કિંગ:**
  - બેસ્ટ ટીમ પાકિસ્તાન
  - બેસ્ટ બેટ્સમેન બાબર (પાકિસ્તાન)
  - બેસ્ટ બોલર રાશિદ (અફઘાનિસ્તાન)
  - બેસ્ટ ઓલરાઉન્ડર મેક્સવેલ (ઓસ્ટ્રેલિયા)

- દેશમાં સૌથી વધુ દેવું ધરાવતા રાજ્યોમાં ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે, ગુજરાત 2.43 લાખ કરોડ રૂપિયા સાથે છઠ્ઠા ક્રમે.
- ઓસ્ટ્રેલિયાને હરાવીને ન્યુઝીલેન્ડ વિમેન્સ ટીમે નેટબોલ વર્લ્ડકપ જીત્યો.
- પ્રોફેસર ચિંતન ત્રિવેદી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ નિયુક્ત.
- આચાર્ય દેવવ્રત ગુજરાતના 20મા રાજ્યપાલ બન્યા. તેમણે સંસ્કૃત ભાષામાં શપથ લીધા.
- કન્ઝર્વેટીવ પાર્ટીના નવા નેતા બોરિસ જોનસન બ્રિટનના વડાપ્રધાન બન્યા.

**25 જુલાઈ**

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. ફોર્ચ્યુન ગ્લોબલ 500 લિસ્ટમાં સામેલ થનાર ટોચની ભારતીય કંપની બની.
- વડોદરાનું મહારાજા ફતેસિંહ મ્યુઝિયમ ગુજરાત રાજ્યનું પ્રથમ સોલાર પાવર સંચાલિત મ્યુઝિયમ બનશે. મ્યુઝિયમની 50% વીજ જરૂરિયાતો સોલાર પાવરથી પૂર્ણ થશે.
- પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ એહસાન મનિ ICCની ફાયનાન્સ એન્ડ કોમર્સિયલ અફેર્સ કમિટીના અધ્યક્ષ નિયુક્ત.
- ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયા (TTFI)એ કેનેડાના ડેજન પેપિકને ભારતીય ટેબલ ટેનિસ ટીમના મુખ્ય કોચ નિયુક્ત કર્યા.
- આંધ્રપ્રદેશ પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ સ્થાપિત ઉધોગો, કારખાનાઓ, જોઈન્ટ વેન્ચર્સ અને પ્રોજેક્ટ્સમાં સ્થાનિક યુવાનો માટે 75% નોકરીઓને અનામત આપનાર પ્રથમ રાજ્ય બન્યું.
- યુકેના વિધાર્થીઓને ભારતમાં ભણવા માટે મોકલવા બ્રિટનની યુનિવર્સિટીઝ અને ઇન્ડિયન પાર્ટનર્સને સપોર્ટ કરવા માટે ઇન્ડિયા-UK બાયલેટરલ પાયલોટ સ્કીમ લોન્ચ કરવામાં આવી. આ સ્કીમ યુનિવર્સિટીઝ યુકે ઇન્ટરનેશનલ (UUKI) અને બ્રિટિશ કાઉન્સિલ ઇન્ડિયાની પહેલ 'UKEIRI મોબિલિટી પ્રોગ્રામ-સ્ટડી ઇન ઇન્ડિયા' અંતર્ગત શરૂ કરાઈ.
- બાંગ્લાદેશના વૈજ્ઞાનિકોએ 'સોનાલી' નામના જ્યુટ ફાઇબરને લો કોસ્ટ બાયો ડીગ્રેડેબલ સેલ્યુલોઝ શીટમાં બદલવાની પદ્ધતિ વિકસાવી. આને રેપર તથા કેરી બેગ તરીકે ઉપયોગમાં લઇ શકાય છે, જે માંડ સ્વાસ્થ્ય માટે હાનિકારક નથી.
- ભારતીય સશસ્ત્ર બળ દેશના પ્રથમ કૃત્રિમ અંતરિક્ષ યુદ્ધાભ્યાસ 'IndSpaceEx' માટે તૈયાર.
- કઝાકિસ્તાનના અસ્તાનામાં આયોજિત પ્રેસિડેન્ટ કપ બોક્સિંગ ટૂર્નામેન્ટમાં ભારતના શિવા થાપાએ ગોલ્ડ જીત્યો.
- બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સને ભારતીય મૂળનાં પ્રીતિ પટેલને બ્રિટનનાં હોમ સેક્રેટરી નિયુક્ત કર્યા.
- ઈંસ્ટાગ્રામથી કમાણી કરનાર ટોપ-10 ખેલાડીઓમાં વિરાટ કોહલી એકમાત્ર ક્રિકેટર છે.

**26 જુલાઈ**

- આસામમાંથી દેશનું પ્રથમ ડ્રેગન બ્લડ ઓકતું ઝાડ મળી આવ્યું. આ એવો છોડ છે જેમાંથી પ્રાચીન કાળમાં દવા, બોડી ઓઇલ, વોર્નિશ અને ડાઇ તરીકે ઉપયોગમાં લેવાતા ચમકદાર લાલ રંગનું ડ્રેગન બ્લડ નીકળી રહ્યું છે.
- 26 જુલાઇ 2019: કારગિલ વિજય દિવસની 20મી જયંતી ઉજવાઈ. આ દિવસે 1999માં ભારતીય સેનાએ કારગીલ યુદ્ધમાં પાકિસ્તાની સેનાને હરાવી હતી.
- વિશ્વની સૌથી મોટી ટોયમેકર કંપની હેસબ્રો ચીનમાંથી મેન્યુફેક્ચરિંગ યુનિટ ભારત અને વિયેતનામ સ્થિત પ્લાન્ટમાં શિફ્ટ કરશે.
- ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ (GII)માં ભારત 52મા સ્થાને. સ્વિત્ઝરલેન્ડ પ્રથમ ક્રમે.
- બિસ્વા ભૂષણ હરિચંદન આંધ્રપ્રદેશના નવા રાજ્યપાલ નિયુક્ત.
- હિંદુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL)એ ઇન્ડિયન નેવિને પ્રથમ ચેતક હેલિકોપ્ટરની ડિલીવરી આપી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખર પરના પુસ્તક 'ચંદ્ર શેખર-ધ લાસ્ટ આઇકોન ઓફ આઇડિયોલોજિકલ પોલિટિક્સ'નું વિમોચન. આ પુસ્તકના લેખક હરિવંશ તથા રવિ દત્ત બાજપેઇ છે.
- ફોર્બ્સની વર્લ્ડ્સ 50 મોસ્ટ વેલ્યુએબલ સ્પોર્ટ્સ ટીમ્સમાં અમેરિકન ફૂટબોલ ટીમ ડલાસ કાઉબોયઝ સતત ચોથા વર્ષે વિશ્વની સૌથી વેલ્યુએબલ ટીમ.
- બાયજુસે ટીમ ઇન્ડિયા માટે અધિકૃત પ્રાયોજક (Authorized sponsor) તરીકે ઓપ્પો ઇન્ડિયાનું સ્થાન લીધું. આ કોન્ટ્રાક્ટ માર્ચ-2022 સુધી ચાલશે. બાયજુ રવેન્દ્રન બાયજુના ફાઉન્ડર છે.
- દુબઇ વર્લ્ડ એક્સ્પો-2020માં ઇન્ડિયન પેવેલિયન મહાત્મા ગાંધીની 150મી જયંતીનું પ્રદર્શન કરશે. એક્સ્પોની થીમ 'કનેક્ટિંગ માઇન્ડ્સ, ક્રિએટિંગ ધ ફ્યુચર' છે.

**27 જુલાઈ**

- કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી પબ્લિક એકાઉન્ટ કમિટી (PAC)ના અધ્યક્ષ નિયુક્ત. તેઓ PACમાં કોંગ્રેસ પાર્ટીના એકમાત્ર સભ્ય છે. PACમાં લોકસભાના 15 સભ્ય અને રાજ્યસભાના 7 સભ્યો છે.
- વેંકૈયા નાયડુએ રાજ્યસભાના સભ્ય નરેન્દ્ર જાધવ દ્વારા લેખિત પુસ્તક 'ન્યુ એજ ટેકનોલોજી એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રિવોલ્યુશન 4.0'નું વિમોચન કર્યું. આ બુક ઔદ્યોગિક ક્રાંતિ 4.0ના વિવિધ પાસાંઓની તપાસ અને વિસ્તાર કરે છે.
- Cars24ને RBIએ એક નોન-બેન્કિંગ ફાયનાન્સ કંપની શરૂ કરવા માટેનું લાયસન્સ આપ્યું.
- પૂર્વ ક્રિકેટર અને સંસદ સભ્ય ગૌતમ ગંભીર પ્રો કબડ્ડી લીગના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા.
- જોર્ડને અકાબાના તટ પર પોતાનું પ્રથમ અંડર વોટર મિલિટરી મ્યુઝિયમ લોન્ચ કર્યું.
- ઈરાને મિડલ રેન્જ બેલેસ્ટિક મિસાઇલ 'શહાબ-3'નું પરીક્ષણ કર્યું.
- બેંગકોકમાં આયોજિત થાઇલેન્ડ ઓપન ઇન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં 51 કિગ્રા કેટેગરી બોક્સિંગમાં નિખત જરીન અને 49 કિગ્રા કેટેગરીમાં દીપક સિંહે સિલ્વર જીત્યો.
- બી. એસ. યેદીયુરપ્પાએ કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેઓ ચોથી વખત કર્ણાટકના CM બન્યા.
- ભાજપના રામસિંહ પરમાર અમૂલ ડેરીના નવા ચેરમેન તથા કોંગ્રેસના રાજેન્દ્ર સિંહ પરમાર વાઇસ ચેરમેન બન્યા.
- સાઉથ કોરિયામાં આયોજિત ફિના વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં હંગેરીના ક્રિસ્ટોફ મિલાકે ફેલપ્સનો વર્લ્ડ રેકોર્ડ તોડીને 200 મીટર બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ જીત્યો.

**28 જુલાઈ**

- દિગ્ગજ સ્ટાર મેરિલ સ્ટ્રીપને ટોરંટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ (TIFF)2019માં ટ્રીબ્યુટ એક્ટર એવોર્ડ આપવામાં આવશે. આ પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ વ્યક્તિ બનશે.
- ભારત સરકારે બસ ઓપરેટર્સ માટે ઇન્ટર-સ્ટેટ ટ્રાવેલ માટેની નેશનલ પરમિટ યોજનાને મંજૂરી આપી.

crackgpsc.com

- ઓલિમ્પિક-2020 અને 2024 માટે સમન્વય અને રણનીતિ બનાવવા માટે એક 10 સભ્યોવાળી ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી જેના અધ્યક્ષ કિરેન રિજિજૂ છે.
- બેંગલુરુના વૈજ્ઞાનિકોએ દક્ષિણ-પશ્ચિમ ઘાટમાં એક નવી વાઈન સ્નેક પ્રજાતિની શોધ કરી. આ 'પ્રોહેતુલ્લા એન્ટીક' પ્રજાતિ લગભગ 26 મિલિયન વર્ષ પહેલાં વિકસી હતી.
- પી. કે. પુરવાર BSNLના અધ્યક્ષ અને MD નિયુક્ત. સુનીલ કુમાર મહાનગર ટેલીફોન નિગમ લિ.ના અધ્યક્ષ અને MD નિયુક્ત.
- કોચ્ચિમાં શાર્ક ટ્રેડ પરની ગ્લોબલ એક્સપર્ટ સમિટ યોજાઇ.
- તારાપુર પાવર સ્ટેશનના યુનિટ 1 અને 2એ સુરક્ષિત સંચાલનના 50 વર્ષ પૂર્ણ કરીને એક નવો વિક્રમ સ્થાપ્યો. આ વર્તમાનમાં દુનિયાનાં સૌથી જૂનાં રીએક્ટર્સ છે.
- 28 જુલાઇ: વિશ્વ હિપેટાઈટિસ દિવસ.
    - આ દિવસ વર્ષ 2010થી ઉજવવામાં આવે છે.
    - 28 જુલાઇ પ્રોફેસર બારુક બ્લૂમબર્ગનો જન્મ દિવસ છે, તેમણે હિપેટાઇટિસ બી વાયરસની શોધ કરી હતી અને અને વાયરસ માટે ડાયગ્નોસ્ટિક ટેસ્ટ અને વેક્સિન વિકસાવી હતી.
    - તેમને 1976માં ફિઝીઓલોજી કે ચિકિત્સાના નોબલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
    - આ વર્ષનો વિષય-ઇન્વેસ્ટ ઇન એલિમીનેટિંગ હિપેટાઇટિસ.
    - આ વર્ષનો મેજબાન દેશ-પાકિસ્તાન.

**હિપેટાઇટિસ:**

- હિપેટાઇટિસ ગ્રીક શબ્દ 'હેપર' અને 'આઇટીસ'થી બનેલ છે.
- 'હેપર'નો અર્થ થાય છે 'યકૃત' અને 'આઇટીસ'નો અર્થ થાય છે સોજો.
- હિપેટાઇટિસના 5 પ્રકાર હોય છે. હિપેટાઇટિસ - એ, બી, સી, ડી અને ઈ.
- આ બીમારી હિપેટાઇટિસ વાયરસના કારણે થાય છે અને આ ઉપરાંત આ ડ્રગ્સ, દારૂ, રસાયણ અને અન્ય સંક્રમણ અને સ્વ-પ્રતિરક્ષિત બીમારીઓ જેવા માદક દ્રવ્યોના કારણે પણ થાય છે.

- કેન્દ્રએ જાનવરો માટે ઉપયોગમાં લેવાતી છેલ્લી એંટીબાયોટિક, કોલિસ્ટીન પર પ્રતિબંધ મુક્યો.
- SBIના સંજીવ નારાયણી બંધન બેંકના હેડ ઓફ ધ બિઝનેસ નિયુક્ત.

**29 જુલાઇ**

- **29 જુલાઇ: વર્લ્ડ ટાઇગર્સ ડે.**
    - **આ અંગે સંપૂર્ણ માહિતી આપતો વિડિયો Crack GPSC એપ/youtube પર ઉપલબ્ધ છે. જે ચોક્કસ જુઓ, ક્લિક કરો :** https://youtu.be/gnmRaJRInlQ
    - આ દિવસ ટાઇગર ડે ઉજવવાનો નિર્ણય 2010માં સેન્ટ પિટ્સબર્ગમાં યોજાયેલ ટાઇગર સમિટમાં લેવામાં આવ્યો હતો.
    - વર્લ્ડ વાઇડ ફંડ (WWF) ના એક રિપોર્ટ મુજબ 100 વર્ષ પહેલાં જંગલમાં 100000 વાઘ હતા, પરંતુ અત્યારે માત્ર 3200 વાઘ બચ્યા છે.
    - WWFએ વાઘવાળા 13 દેશો - ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, ચીન, કમ્બોડિયા, ઇન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, નેપાળ, રશિયા, થાઇલેન્ડ અને વિયેતનામ દ્વારા વાઘ સંરક્ષણની દિશામાં થઇ રહેલા પ્રયાસોમાં મદદ કરવાની વાત પણ કરી છે.
    - ભારતે 2022 સુધીમાં વાઘની વસતી બમણી કરવાનો ટાર્ગેટ ચાર વર્ષ વહેલો પૂરો કર્યો.
    - પ્રોજેક્ટ ટાઇગર અંતર્ગત સઘન પ્રયત્નોને કારણે હાલમાં ભારતને દુનિયામાં વાઘોની અધિકતમ સંખ્યા હોવાનું ગૌરવ પ્રાપ્ત છે.



crackgpsc.com

- ક્વીન્સ યુનિવર્સિટી બેલફાસ્ટના વૈજ્ઞાનિકો અનુસાર ઊંડા સમુદ્રમાં ખોદકામના પરિણામસ્વરૂપ મળી આવેલ સ્કેલી ફૂટ સ્નેલ લુપ્તપ્રાય ઘોષિત થનાર પ્રથમ પ્રજાતિ છે. સ્કેલી ફૂટ સ્નેલ પ્રથમ વખત 2003માં મળી આવી હતી. આ સમુદ્રમાં 9,500 ફૂટની ઊંડાઇ સુધી રહે છે.
- સિંગાપુરમાં મુખ્યાલય ધરાવતી ગ્લોબલ ઇન્ડિયન ઇન્ટરનેશનલ સ્કુલ (GIIS)એ પૂણેમાં ભારતની પ્રથમ સ્માર્ટ કેમ્પસ સ્કુલ શરૂ કરવાની ઘોષણા કરી. આ સાથે જ GIIS ભારતમાં પ્રથમ વખત સ્કુલ લેવલે સ્પોર્ટ્સ એનાલિટિક્સની શરૂઆત કરશે.
- સરકારે ડિસેમ્બર-2019થી નેશનલ હાઈવેઝના ટોલ પ્લાઝા પરની લેન્સને 'ફાસ્ટેગ લેન' બનાવવાની ઘોષણા કરી. તમામ લેનની વચ્ચે મોટા વાહનોની દેખરેખ માટે દરેક ટોલ પ્લાઝા પર એક 'હાઈબ્રિડ લેન'ની પરવાનગી આપવામાં આવશે, જ્યાં ફાસ્ટેગ અને અન્ય પેમેન્ટ મોડ સ્વીકારાશે.
- ચંદ્રયાન-2ના સફળ પ્રક્ષેપણ બાદ હવે ઈસરો 2020 સુધીમાં આદિત્ય L-1 નામના પોતાના સોલર મિશનને લોન્ચ કરશે.
    - આદિત્ય L-1 સૂર્યના કોરોનાનો અભ્યાસ કરશે.
    - આદિત્ય L-1 ઉપગ્રહ પૃથ્વીથી લગભગ 1.5 મિલિયન કિ.મી. દૂર એક પ્રભામંડળની કક્ષામાં મુકવામાં આવશે.
- IT કંપની વિપ્રો હૈદરાબાદમાં પોતાની ગ્લોબલ ડિજિટલ પ્રોડક્ટ કોમ્પ્લાયંસ લેબોરેટરી શરૂ કરશે.
- RBIએ સેન્ટ્રલ બેંકની મિડીયમ ટર્મ સ્ટ્રેટેજી ફ્રેમવર્ક 'ઉત્કર્ષ 2022' લોન્ચ કરી. આ સ્ટ્રેટેજિક સ્ટ્રક્ચરમાં RBIનું મિશન, કોર પર્પઝ, વેલ્યુઝ અને વિઝન સ્ટેટમેંટ્સ સામેલ છે.
- સોલર રૂફટોપ ઈંસ્ટોલેશન સેક્ટરમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને.
- કેન્દ્રએ નાના શહેરો અને ટાઉન્સમાં લાઇટ અર્બન રેલ ટ્રાન્ઝીટ સિસ્ટમ 'મેટ્રોલાઇટ' શરૂ કરવાનો પ્રસ્તાવ મુક્યો.
- ચીનની તિયાગોંગ-2 સ્પેસ લેબોરેટરી નિયંત્રિત પરીસ્થિતિમાં સફળતાપૂર્વક પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશી અને દક્ષિણ પ્રશાંત મહાસાગર ઉપર નાશ પામી.
- ઇગન બરનેલ ટૂર ડી ફ્રાન્સ ખિતાબ જીતનાર પ્રથમ કોલમ્બિયન બન્યા.
- બ્રૂક્સ કોએપ્કાએ ફિડમકપ જીતીને પોતાની પ્રથમ વર્લ્ડ ગોલ્ફ ચેમ્પિયનશિપ જીતી.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ત્રણ આફ્રિકન દેશો બેનિન, ગામ્બિયા અને ગિનીની રાજકીય મૂલાકાતે. આ સાત દિવસીય યાત્રા ત્રણ પશ્ચિમ આફ્રિકન દેશોમાં કોઈ ભારતીય રાષ્ટ્રપતિ દ્વારા પ્રથમ ઉચ્ચ સ્તરીય યાત્રા છે.
- પ્રાગમાં યોજાનાર 32મી ઇન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ સાઇકોલોજી (ICP)-2020માં લેફ્ટનન્ટ કર્નલ ડો. સમીર રાવત એમીનન્ટ કીનોટ સ્પીકર (પ્રતિષ્ઠિત મુખ્ય વક્તા) તરીકે આમંત્રિત. ICP સાઇકોલોજિકલ વર્લ્ડનો સૌથી પ્રતિષ્ઠિત તથા સૌથી મોટો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે.
- IIT હૈદરાબાદના વૈજ્ઞાનિકોએ ભારતમાં કંકુ કે સિંદૂર બનાવવામાં ઉપયોગી ડાઇમાંથી ઓછા ખર્ચે ઇકોફ્રેન્ડલી સૌર સેલ વિકસિત કર્યો.

### 30 જુલાઇ

- ઉત્તરપ્રદેશ રાજ્ય PSBY (પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના)ના અમલીકરણમાં ભારતમાં પ્રથમ સ્થાને.
- ડીડી ન્યુઝને હિપેટાઈટિસ વિષે જાગૃતિ ફેલાવવા માટે ચેમ્પિયન્સ ઓફ એમ્પથી એવોર્ડ આપવામાં આવ્યો. ડીડી ન્યુઝના ડિરેક્ટર જનરલ મયંક અગ્રવાલે આ પુરસ્કાર લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા તરફથી મેળવ્યો.
- આંતરરાષ્ટ્રીય સેન્ડ આર્ટીસ્ટ પદ્મ શ્રી સુદર્શન પટનાયકે અમેરિકામાં બોસ્ટન ઇન્ટરનેશનલ સેન્ડ આર્ટ ચેમ્પિયનશિપમાં પીપલ્સ ચોઇસ પુરસ્કાર જીત્યો. તેઓ દુનિયાભરમાંથી પસંદગી પામેલ 15 ટોપ આર્ટીસ્ટ્સમાંથી એક હતા.
- નિકોલસ બાસિલાશવિલીએ જર્મન ટેનિસ ચેમ્પિયનશિપ જીતી.
- ઉત્તરાખંડના મસૂરીમાં હિમાલયી રાજ્યોના વિકાસ સંબંધી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક હિમાલયન કોન્કલેવ યોજાઇ.

crackgpsc.com

- ઇન્ડોનેશિયાના લાબુઆન બાજોમાં 23માં પ્રેસિડેન્ટ કપ બોક્સિંગ ટૂર્નામેન્ટમાં 51 કિ.ગ્રા. વર્ગમાં મેરિકોમે અને 60 કિ.ગ્રા. વર્ગમાં સિમરનજીત કૌરે એક એક ગોલ્ડ જીત્યો. આ ટૂર્નામેન્ટમાં ભારતે 7 ગોલ્ડ અને 2 સિલ્વર સહિત કુલ 9 મેડલ્સ જીત્યા.
- કાઠમંડુમાં ભારત-નેપાળ લોજિસ્ટિક શિખર સંમેલન યોજાયું. સંમેલનનો વિષય 'ટ્રાન્સફોર્મિંગ લોજિસ્ટિક્સ લેન્ડસ્કેપ' હતો.
- ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરની વિદિશા બલિયાને મિસ ડેફ વર્લ્ડ-2019નો તાજ જીત્યો. વિદિશા આ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બની. આ સ્પર્ધા દક્ષિણ આફ્રિકાના મ્યુમોબેલામાં યોજાઇ.
- 30થી વધુ વર્ષો સુધી ડિઝનીના મિની માઉસને અવાજ આપનાર દિગ્ગજ અભિનેતા રૂસ્સી ટેલરનું નિધન.
- ગુજરાતમાં ભાજપાના વરિષ્ઠ નેતા અને લોકસભાના પૂર્વ સાંસદ વિઠ્ઠલભાઈ રાંદડિયાનું નિધન.
- ઓડીસાના પ્રસિદ્ધ રસગુલ્લાને જિયોલોજિકલ ઇન્ડિકેશન (GI) ટેગ આપવામાં આવ્યું.
- IPS ઓફિસર વી. કે. જોહરી બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના આગામી ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- રેડ બુલના ડ્રાઈવર મેક્સ વેરસ્ટાપેને હોકેનહાઈમમાં જર્મન ગ્રા.પ્રી. ખિતાબ જીત્યો.
- અમેરિકન કોલિન મોરીકાવાએ બારકુડા ચેમ્પિયનશિપમાં US PGA ટાઇટલ જીત્યું.

**31 જુલાઈ**

- વિંગ કમાન્ડર તરુણ ચૌધરી વિંગસૂટ જંપ (સ્કાઈ ડાઇવ) કરનાર પ્રથમ ઇન્ડિયન એરફોર્સના પ્રથમ પાઇલટ બન્યા. તેમણે Mi-17 હેલિકોપ્ટરમાંથી 8,500 ફૂટની ઉંચાઇએથી જંપ લગાવ્યો.
- સિદ્ધાર્થ સન્યાલ બંધન બેંકના ચીફ ઇકોનોમિસ્ટ અને હેડ ઓફ રિસર્ચ નિયુક્ત.
- તાઈપેઈમાં આયોજિત વર્લ્ડ ડેફ યુથ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં તમિલનાડુની જેરલીન અનિકાએ ગોલ્ડ જીત્યો. અનિકાએ આ ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ ઉપરાંત બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ પણ મેળવ્યો.
- સંસદે મુસ્લિમ મહિલાઓની ટ્રિપલ તલાકમાંથી મુક્તિ આપતું મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઇટ્સ ઓન મેરેજ) બિલ-2019 પાસ કર્યું. આ બિલ મુસ્લિમ મહિલાઓની ગરિમાની રક્ષા કરવા અને તેને યથાવત રાખવા માટેનું એક ઐતિહાસિક પગલું છે.
- ઇ-ગવર્નન્સ વિષે 22મું રાષ્ટ્રીય સંમેલન શિલોંગમાં યોજાશે.
- BCCIએ ડોપિંગના ઉલ્લંઘન માટે ઇન્ડિયન ટેસ્ટ ઓપનિંગ બેટ્સમેન પૃથ્વી શોને 15 નવેમ્બર-2019 સુધી પ્રતિબંધિત કર્યા.
- ભૌગોલિક વિસ્તારની સરખામણીએ ગુજરાતમાં વન્ય વિસ્તાર 10% ઓછો છે.
    - ગુજરાતમાં માત્ર 11.61% વન્ય વિસ્તાર છે, જે દેશમાં છઠ્ઠા ક્રમે છે.
    - ભારતમાં સૌથી ઓછો વન્ય વિસ્તાર ધરાવતું રાજ્ય હરિયાણા છે, જે માત્ર 6.79% વન્ય વિસ્તાર ધરાવે છે.
    - 97% વન્ય-વૃક્ષાચ્છાદિત વિસ્તાર સાથે લક્ષદ્વીપ ભારતમાં પ્રથમ ક્રમે છે.
    - મિઝોરમ 88.84% સાથે બીજા ક્રમે છે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પોતાની ત્રણ દેશોની યાત્રા દરમ્યાન ગામ્બિયા પહોંચ્યા. કોઇ ભારતીય રાષ્ટ્રપતિ દ્વારા ગામ્બિયાની પ્રથમ રાજકીય યાત્રા છે.
- RBIના પૂર્વ ડેપ્યુટી ગવર્નર અને પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી સુબીર ગોકર્ણનું નિધન.
- સિનિયર IAS ઓફિસર રાજીવ કુમાર ભારતના નવા નાણા સચિવ નિયુક્ત. તેઓ સુભાષચંદ્ર ગર્ગનું સ્થાન લેશે.

**TIME IS IMPORTANT, DON'T WASTE.**

# કેન્દ્રીય બજેટ ૨૦૧૯-૨૦

**બજેટની મુખ્ય જોગવાઈઓ :**

1. છેલ્લાં પાંચ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા 2.7 ટ્રિલિયન ડોલર જેટલી થઇ.
2. ઇલેક્ટ્રીક કાર અને હોમ લોન સસ્તી થઈ.
3. ડિફેન્સ સેક્ટરને બુસ્ટર ડોઝ : ઇક્વિપમેન્ટની આયાત પરની કસ્ટમ ડ્યૂટી નાબૂદ.
4. રૂ. 5 લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહિ.
5. રિટર્ન ભરવા આધાર કાર્ડનો પણ વિકલ્પ ઉપલબ્ધ. હવે આધાર કાર્ડ થકી પણ IT રિટર્ન ફાઈલ કરી શકાશે.
6. લોનના વ્યાજમાં રાહત: 45 લાખ સુધીના ઘર પર મળશે 1.50 સુધીની વ્યાજમુક્તિ. લોનના વ્યાજમાં પણ રાહત : અફોર્ડેબલ હાઉસિંગ માટે હવે 3.5 લાખ સુધીના વ્યાજમાંથી મુક્તિ.
7. ડિફેન્સ ઉપકરણ ઇમ્પોર્ટ પર કસ્ટમ ડ્યૂટી હટી, નિયત કરેલી ઈલેક્ટ્રોનિક આઇટમ પર પણ કસ્ટમ ડ્યૂટી હટી.
8. રેલવેમાં ખાનગી મૂડીરોકાણ વધારાશે.
9. વીજળી ટેરિફમાં સુધારા કરવાની યોજના.
10. ત્રણ કરોડ દુકાનદારોને પેન્શન આપવાની યોજના.
11. દરેકને પોતાનું ઘર હોય એવી યોજના ચાલુ છે.
12. આદર્શ ભાડા યોજના તૈયાર કરાશે.
13. એમએસએમઇ માટે ઓનલાઈન પોર્ટલ હશે.
14. બધાં રાજ્યોને ગ્રીડથી વીજળી મળશે.
15. રેલવેમાં પીપીપી મોડેલનો ઉપયોગ કરાશે અને નાનકડાં શહેરોને જોડતી રેલવે સેવા પર વધુ ભાર મૂકાશે.
16. 210 મેટ્રો લાઇન કામ કરતી થઈ છે.
17. મહિલા સ્વંય સહાયતા સમૂહ યોજનાને દેશનાં દરેક જિલ્લામાં શરુ કરવામાં આવશે.
18. મહાત્મા ગાંધીનાં મૂલ્યોથી યુવાઓને અવગત કરાવવા માટે ગાંધીપીડિયા તૈયાર કરાશે.
19. મૂળભૂત સુવિધાઓનાં વિકાસ માટે કેન્દ્ર સરકાર આવતાં 5 વર્ષમાં રૂ.100 લાખ કરોડનું રોકાણ કરશે.
20. જળમાર્ગનો વ્યવહાર વધારવામાં આવશે.
21. ડિજીટલ ઇન્ડિયાને દરેક ક્ષેત્રમાં પહોંચતું કરાશે.
22. પાયાની સુવિધાઓ વધારવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢ કરાશે.
23. ફિતુરશાહી ઘટાડીને સરકારી કામકાજ સરળ કરી દેવાશે.
24. ગ્રામ વિસ્તારોના વિકાસને અગ્રતા અપાશે.
25. મીડિયામાં વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન અપાશે.
26. વીમા ક્ષેત્રમાં 100 ટકા વિદેશી મૂડીરોકાણને આવકારાશે.
27. સેટેલાઇટ લોંચ કરવાની ક્ષમતા વધારવામાં આવશે.
28. નેશનલ ટ્રાન્સપોર્ટ કાર્ડની યોજના ઘડાઈ રહી છે.
29. ખેડૂતોને એમના ઉત્પાદનોનો વાજબી ભાવ મળે એની તકેદારી રખાશે.
30. ગામડાંઓમાં દરેક ઘરે પીવાનું પાણી પહોંચાડાશે.

31. જળઊર્જા મંત્રાલય દરેક જળસ્રોતનો મહત્તમ ઉપયોગ કરશે.
32. એનઆરઆઇ ઇન્વેસ્ટરો માટે સરળ કેવાયસી નોર્મ્સ તૈયાર કરાશે.
33. વડાપ્રધાન ગ્રામીણ સડક યોજના અંતર્ગત 1.25 લાખ કિલોમીટર જેટલી સડકો બનાવાશે.
34. ખેડૂતોને ઊર્જાદાતા બનાવવામાં આવશે, દસ હજાર કિસાન સંઘો તૈયાર કરાશે.
35. દાળના ઉત્પાદન બાબતમાં દેશ સ્વનિર્ભર બની રહેશે.
36. ઉજ્જવલા યોજના હેઠળ સાત કરોડ નવા ગેસ કનેક્શન આપ્યા છે.
37. 2022 સુધીમાં દરેક ગામડાના દરેક ઘરમાં ગેસ કનેક્શન આપવામાં આવશે.
38. ભારતને મોસ્ટ ફેવરીટ એફડીઆઇ (વિદેશીઓના મૂડી રોકાણકારો) બનાવવાની યોજના છે.
39. રાજઘાટ પર રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્રનું નિર્માણ કરાશે.
40. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ લાવવામાં આવશે.
41. ઝીરો બજેટ ખેતી પર ભાર મૂકાશે.
42. વાંસ અને મધ ઉછેર કેન્દ્ર માટે સ્પેશિયલ ક્લસ્ટર બનશે.
43. સીંગલ બ્રાન્ડ રિટેલમાં એફડીઆઇની મર્યાદા વધારાશે.
44. ઇલેક્ટ્રીક વાહનોની બેટરી ચાર્જ કરવાના મથકો સ્થપવા ઉપરાંત એમની સંખ્યા વધારાશે.
45. ખેલો ઇન્ડિયા સ્કીમ હેઠળ નેશનલ સ્પોર્ટ્સ એજ્યુકેશન બોર્ડની શરૂઆત કરાશે.
46. ભારતીય ઉચ્ચ શિક્ષણ આયોગની સ્થાપના કરાશે અને રમત-ગમતના વિકાસ માટે નવા વિભાગની રચના કરાશે.
47. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને રૂ.400 કરોડની મદદ કરશે કેન્દ્ર સરકાર.
48. સ્ટાર્ટઅપ્સ માટે નવા ટીવી પ્રોગ્રામ-ચેનલ શરૂ કરાશે, સ્ટાર્ટઅપ્સને આઇટી વિભાગની કનડગત થશે નહિ, સ્ટાર્ટઅપ્સનું આઇટી સ્ક્રુટિની નહિ થાય, સ્ટાર્ટઅપ્સ સામેના આઇટી વિભાગના કેસોની ઝડપી પતાવટ થશે.
49. ઇલેક્ટ્રીક વ્હિકલ પરનો ટેક્સ 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો અને ઇ-વાહન ખરીદવા રૂ. દોઢ લાખ સુધીની વ્યાજ સહાય.
50. નેત્રહીનો માટે રૂ. 5 અને 10ના નવા સિક્કા બનશે.
51. જનધન ખાતેદાર મહિલાઓને રૂ. 5000ની ઓવરડ્રાફ્ટ સુવિધા આપવામાં આવશે, મહિલાઓ ઝીરો બેલેન્સ પર એક નિશ્ચિત મર્યાદા માટે રૂ. 5 હજાર સુધીની લોન લઈ શકશે.






crackgpsc.com

ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી.

# ગુજરાત બજેટ ૨૦૧૯-૨૦

## બજેટની મુખ્ય જોગવાઈઓ :

- ગુજરાતના નાણામંત્રી નીતિનભાઈ પટેલે સાતમી વખત બજેટ રજૂ કર્યું.
- ગુજરાતની સ્થાપના પછી પ્રથમ વાર બે લાખ કરોડથી વધારે મોટું બજેટ.
- કૃષિ ક્ષેત્રે ૯૭૫૦ કરોડ, શિક્ષણ ક્ષેત્રે ૨૭,૫૦૦ કરોડ, શહેરી ગૃહ નિર્માણ માટે ૧૨,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા.
- આદિજાતિ વિકાસ માટે ૨૪૯૮૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૭૧૧૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે ૨૫૧૬ કરોડની જોગવાઈ કરાઈ છે.
- માહિતી અને પ્રસારણ માટે ૧૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- બસ સ્ટેશનોને આધુનિક બનાવવા ૧૦૦ કરોડની ફાળવણી કરાઈ છે.
- જમીન જળ સંરક્ષણ તેમજ જમીન સુધારણા માટે ૫૪૮ કરોડ ફાળવાયા છે.
- ૨૦૨૨ સુધીમાં દરેક ઘર સુધી 'નળ મારફત જળ' પહોંચાડવાની કેન્દ્ર સરકારની યોજનાને સાર્થ કરવા રાજ્ય સરકાર પ્રયાસ કરશે. આ માટે ત્રણ વર્ષ દરમિયાન રૂ. ૨૦ હજાર કરોડ ખર્ચાશે.
- શહેરી વિસ્તારમાં ગટરના પાણીને ટ્રિટ કરીને શુદ્ધ કરીને ખેતી-ઉદ્યોગમાં વપરાશ માટે ૩૦૦ MLDના પ્રોજેક્ટ્સ મંજૂર કરાયા.
- ૨૦૨૨ સુધીમાં સૌર, પવન ઊર્જા દ્વારા ૩૦ હજાર મેગાવૉટ વીજ ઉત્પાદનનું લક્ષ્યાંક.
- આંગણવાડી બહેનોના પગારમાં ૯૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે.
- પ્રદૂષણ અટકાવવાની યોજના માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ગીરના સિંહોના સંરક્ષણ માટે રૂ. ૧૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ગુજરાતમાં વીજળી માટે વિશેષ ફાળવણી કરવામાં આવી છે. ઘર ઘર વિજળી પહોંચે તે માટે સરકાર દ્વારા પ્રયત્નો હાથ ધરાશે. વીજળી માટે ૮૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી. વીજ ઉત્પાદન માટે કોલસા અને સોલાર આધારિત નવી યોજનાઓની કામગીરી હાથ ધરવા ૨૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ગરીબોને ઘર વપરાશના વીજ જોડાણો પૂરા કરવા યોજના અંતર્ગત ૫૧,૧૫૦ જોડાણો પૂરુ પાડવા ૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- બજેટમાં નવી વ્હાલી દીકરી યોજનાની જાહેરાત કરવામાં આવી. આ યોજના મુજબ ૨ લાખની આવક ધરાવતા પરિવારોને સહાય અપાશે. દીકરી પહેલા ધોરણમાં આવે ત્યારે ૪૦૦૦ની અને ૯મા ધોરણમાં આવે ત્યારે ૬૦૦૦ની સહાય અપાશે. દીકરી ૧૮ વર્ષ પૂર્ણ કરે ત્યારે ૧ લાખની સહાય અપાશે. ૧૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- આવતી અષાઢી બીજ સુધીમાં ૧ લાખ ૨૫ હજાર ખેડૂતોને વીજ કનેક્શન આપવામાં આવશે.
- અષાઢી બીજથી નર્મદાના મેઈન ગેટ ખોલી પાણી આપવામાં આવશે.
- આગામી ત્રણ વર્ષમાં નવા ૬૦,૦૦૦ સરકારી કર્મચારીઓની ભરતી કરવામાં આવશે.
- સરકારી હૉસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- રાજ્યનો ગ્રોથ ૧૧.૬૫ ટકા, ડબલ ડિજિટમાં છે. છેલ્લા ૧૬ વર્ષમાં ગુજરાતે કદી ઓવરડ્રાફ્ટ લેવો પડયો નથી.
- પાકવીમા યોજનામાં ૧૦૭૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી.

crackgpsc.com

- ખેડૂતોને રાસાયણિક ખાતર પૂરું પાડવા રૂ. ૨૫ કરોડની સહાયની જોગવાઈ.
- પાક વીમાના પ્રશ્નોમાં સરકાર ટેકનૉલૉજીનો ઉપયોગ કરશે. સેટેલાઈટ, ડ્રોન વગેરે માટે ૨૫ કરોડની જોગવાઈ.
- સજીવ ખેતી માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- કામધેનુ યુનિવર્સિટી હેઠળ નવી વેટરનરી કૉલેજ સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી.
- જામનગર, ગોંડલ અને ભાવનગરના ડેમો સુધી નર્મદાનું પાણી પહોંચાડવા પાઇપલાઈનની યોજના.
- સહકારી મંડળીઓને, પશુપાલકોને સાધનસામગ્રી માટે ૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ગૌસેવા, ગૌસેવા માટે, ગૌસંરક્ષણ માટે ૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- માછીમારી ઉદ્યોગમાં વિકાસ માટે જીપીએસ સિસ્ટમ અપનાવવા ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- સૌની યોજનામાં આગામી વર્ષમાં ૩૫ જળાશયોમાં પાણી પહોંચાડવાની યોજના રૂ. ૨૦૫૮ કરોડના કામો શરૂ થયા છે. આ વખતે રૂ. ૧૮૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી. જેનો લાભ ભાવનગરને મળશે.
- નર્મદા યોજના માટે ૬૫૯૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોની જમીન સંપાદન માટે ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- સ્ટૅચ્યૂ ઑફ યુનિટી બન્યા પછી સવા લાખ લોકો મુલાકાત લઈ ચૂક્યા છે. તેના વિકાસ માટે ૨૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ૩૦,૦૪૫ કરોડ શિક્ષણ માટે ખર્ચવામાં આવશે. ૫૦૦૦ નવા વર્ગોનું નિર્માણ કરવામાં આવશે.
- શહેરોમાં પણ ગ્રામ્ય વિસ્તારની જેમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું માળખું ઉભું કરવામાં આવશે.
- ૩૭૫૧ આશા વર્કર બહેનોના પગારમાં માસિક ૨૦૦૦નો વધારો કરવામાં આવશે.
- વિધવા પેન્શન યોજનામાં પુખ્ત વયના પુત્રની મર્યાદા દૂર કરવામાં આવી અને પેન્શનની રકમમાં ૨૫૦ રૂપિયા પ્રતિમાસનો વધારો કરવામાં આવ્યો. હવે વિધવા બહેનોને ૧૨૫૦ રૂપિયા પ્રતિમાસ પેન્શન મળશે.
- જૈનો માટે અમદાવાદથી શંખેશ્વર સુધી ૨૦ કરોડને ખર્ચે ૧૦૩ કિલોમીટરની પગદંડી બનાવવામાં આવશે.
- અમરેલી, ભાવનગર, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં ૮ ડી સેલિનેશન પ્લાન્ટ સ્થપાશે જેના દ્વારા દરરોજ ૩૭ કરોડ લિટર મીઠું પાણી લોકોને અપાશે.
- મહાનગરપાલિકાઓમાં ૫૪ અને નગરપાલિકાઓમાં ૨૧ થી કુલ ૭૫ નવા ફ્લાયઓવર બનાવવામાં આવશે, સૌથી વધારે ૨૦ ફ્લાયઓવર અમદાવાદમાં બનશે.
- રાજ્ય સરકારે પાત્રતા ધરાવતા તમામ કૃષિ વીજ જોડાણો, ગ્રામીણ વિસ્તારના તમામ રહેઠાણ વીજ જોડાણો, ગ્રામ્ય વિસ્તારના નાના ધંધાદારીઓના વીજ જોડાણો અને શહેરી વિસ્તારમાં બીપીએલ વર્ગના રહેણાંક વીજ જોડાણોમાં બિલના મુદ્દલ, વ્યાજ અને દંડની તમામ રકમ માફ કરવાનો નિર્ણય. આ મુજબ ૬૯૧ કરોડની વીજ લેણાંની રકમ માંડવાળ કરાશે.
- ખેડૂતોને મળતી વ્યાજ સહાય એક સાથે અને નિયમિત મળી રહે તે માટે સરકાર ૫૦૦ કરોડનું રિવોલ્વિંગ ભંડોળ ઉભું કરશે.
- ગીર અને કાંકરેજ ઓલાદ માટે પાટણ ખાતે સેક્સ સિમેન લેબોરેટરી ૪૭.૫૦ કરોડને ખર્ચે બનવામાં આવશે.
- ઝીંગા ઉછેર માટે વધારાની ૫૦૦૦ હેક્ટર જમીન ફાળવવામાં આવશે.
- બોટધારક માછીમારોની સબસિડી રૂપિયા ૧૨ને બદલે ૧૫ કરવામાં આવી.
- મા અને મા વાત્સલ્ય યોજનાને આયુષમાન ભારત સાથે જોડવામાં આવી. હવેથી ૩ લાખને બદલે ૫ લાખ સુધીનું સુરક્ષા કવચ. આવક મર્યાદા ૧ લાખ ઘટાડી ૪ લાખ કરાઈ.
- રાજ્યમાં સી-પ્લેન શરૂ કરવા ૫ કરોડના ખર્ચે વોટર એરોડ્રામ બનાવવામાં આવશે.
- બંધ જાળવણી, નહેરોની માળખા સુધારણા, સહભાગી સિંચાઇ યોજના જેવા જળ સંપત્તિના કામ માટે રૂ. ૭૧૫૭ કરોડની ફાળવણી કરાઈ.

crackgpsc.com

- સૌની યોજનામાં રૂ.૧૮૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં થરાદથી સીપુ ડેમ પાઇપ લાઇન માટે ૧૦૦ કરોડ, આદિજાતિ વિસ્તારોમાં સિંચાઇ માટે ૯૬૨ કરોડ, તાપી-કરજણ લીક પાઇપલાઇન માટે ૭૨૦ કરોડ, અંબિકા નદી પર રીચાર્જ પ્રોજેક્ટ માટે ૩૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ૩ વર્ષમા નવા ૬૦ હજાર કર્મચારીઓની ભરતી કરાશે, ૭૦ હજાર સખી મંડળ બનાવાશે.
- સોલાર રૂફ ટોપ યોજનામાં ૪૦ ટકા સુધી સબસિડી આપવાની જાહેરાત.
- રાજયમાં નવી ૪૩૪ કોર્ટો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી.
- માધવપુર ઘેડના રૂકમણીજીના પ્રાચીન મંદિરને ૫ કરોડના ખર્ચે વિકાસાવાશે. ૨૦૦ વર્ષ જૂના પ્રાચીન યાત્રાધામોના વિકાસ માટે ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ગિરનારના ૧૦૦૦૦ પગથિયાંના સમારકામ માટે ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદવા સહાય આપવા માટે ૧.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- આદિજાતિ વિસ્તારની બહેનો માટે ડેરી વિકાસ યોજના હેઠળ ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી. શ્રમિક અન્નપૂર્ણા યોજના માટે ૮૦ કરોડ ફાળવાશે. ૧૩૮ નવા અન્નપૂર્ણા ભોજન સેન્ટર ઊભાં કરાશે. ૧૦ રૂપિયામાં દાળ, ભાત, શાક, રોટલી શ્રમિકોને તેના કામના સ્થળથી નજીકમાં મળી રહે, ઉંચકીને ન લઈ જવું પડે, ગરમ ગરમ જમવા મળે તે માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતના તમામ શ્રમિકોને રસોડાની કીટો વિના મૂલ્યે અપાશે.
- નાના કામદારાને ૧૦ રૂપિયામાં ભોજન આપવા ૮૦ કરોડ અપાશે.
- રક્ષાશક્તિ યુનિવર્સિટીના વિકાસ માટે ૪૬ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- સ્વતંત્રતા ચળવળમાં ભાગ ભજવનાર આદિવાસી નેતાઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય સ્થાપવા માટે ૭ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- સરહદી વિસ્તારના ત્રણ જિલ્લાઓ માટે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- નેશન લાઈવ સ્ટોક મિશન માટે ૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- નવા મત્સ્ય તળાવનો બાંધકામ પર સહાય માટે ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- માછીમાર કુટુંબને જૂથ અકસ્માત સહાય યોજના માટે ૬૦ લાખની જોગવાઈ કરવામાં આવી.
- મત્સ્ય બંદરો માટે ૨૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ત્રણ વર્ષમાં ૧૫ લાખ યુવાનોને રોજગારી આપવામાં આવશે.

crackgpsc.com



12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

ક્રેક GPSC